પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૫-૦૯-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ગુજરાત યુનિવર્સિટી પાસે નિર્માણધીન

# એસ્પાયર-૨ નામની ઈમારતની લિફ્ટ તૂટી પડવાની ઘટનામાં ૭ શ્રમિકોના મોત

## લિફ્ટ તૂટતા જ સુપરવાઈઝર ઓફિસ છોડી ભાગી ગયા, બિલ્ડરો ફરક્યા જ નહિ

અમદાવાદ,

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી પાસે નિર્માણધીન એસ્પાયર-૨ નામની ઈમારતની લિફ્ટ તૂટી પડવાની ઘટનામાં ૭ શ્રમિકોના મોત થયા છે. તો એક શ્રમિક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. આ ઘટનામાં મૃત્યુ પામનાર તમામ શ્રમિકો જુવાનજોધ હતા, અને પરિવારનો આશરો હતો. પરંતુ એક દુર્ઘટનાએ આ તમામ શ્રમિક યુવકોનો જીવ લઈ લીધો. ત્યારે આ ઘટના પર સીધી આંગળી ઈમારતના બિલ્ડર પર ચીંધાઈ રહી છે. જેઓએ ૩ કલાક સુધી આ ઘટનાને છુપાવી રાખી. સવારે ૯.૩૦ વાગ્યે બનેલી ઘટનામા કોઈને કાનોકાન ખબર ન પડી, અને મીડિયામાં સમાચાર આવ્યા બાદ તંત્ર દોડતુ નથી. આખરે ત્રણ કલાક સુધી આ ઘટનાને છુપાવવાનો શું હેતુ હતો. ત્યારે આ ઈમારતના બિલ્ડરના નામ પણ સામે આવ્યા છે.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક તંત્ર, પોલીસ તથા ફાયર બ્રિગેડનો કાફલો દોડી આવ્યો હતો. પરંતુ ત્રણ કલાકના વહાણ વીતી ગયા છતા, કસૂરવાર બિલ્ડરો ફરક્યા પણ નથી. આ બિલ્ડરોએ ઘટના તથા પોતાની ભૂલ છુપવવાનું ગુનાહિત કૃત્ય કર્યું છે. આ ઘટના બની ત્યારે સાઈટની ઓફિસમાંથી લાઈટ પંખા ચાલુ મૂકી સુપરવાઈઝર સહિતના લોકો નીકળી ગયા હતાં.સાઈટ ઓફિસમાં અંદર બંને ચેમ્બરમાં એસી અને પંખા ચાલુ મૂકી નીકળી ગયા છે.



આ ઈમારતની માલિકી એડોર ગ્રૂપના સીએમડી વિકાસ શાહ અને આશિષ કે શાહની હોવાનું પ્રાથમિક તપાસમાં ખૂલ્યુ છે. ત્યારે આખરે કેમ તેઓએ ૩ કલાક મજૂરોના મોતને છુપાવ્યું તે મામલે તંત્ર દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ ઈમારત માટે amc ની રજાચિઠ્ઠી મળી હતી. જેમાં ૨ સેલર અને ૧૧ માળની મંજૂરી આપવામા આવી હતી.

મેયર કિરીટ પટેલે નિવેદન આપ્યુ કે, આ ઘટનામાં જવાબદાર લોકોને છોડવામાં નહિ આવે. તેમની સામે કડક પગલા લેવામાં આવશે. અમે તેની ઊંડાણપૂર્વક તપાસ કરીશું. એએમસી પોલીસ સાથે મળીને કાર્યવાહી કરશે. તો અમદાવાદમાં લિફ્ટ તૂટવા મામલે મનસુખ માંડવિયાએ ટ્વીટ કરીને કહ્યું કે, લિફ્ટ તૂટવાની ઘટનાથી દુ:ખી છું. મૃતકોના સ્વજનો પ્રત્યે મારી સંવેદના છે.મૃત્યુ પામનાર શ્રમિકોના નામો સંજયભાઈ બાબુભાઇ નાયક,જગદીશભાઈ રમેશભાઈ નાયક,અશ્વિનભાઈ સોમાભાઈ નાયક,મુકેશ ભરતભાઈ નાયક,મુકેશભાઇ ભરતભાઈ નાયક,રાજમલ સુરેશભાઇ ખરાડી, પંકજભાઇ શંકરભાઇ ખરાડીનો સમાવેશ થાય છે.

ચોંકાવનારી બાબત એ છે કે, એડોર ગ્રૂપની જ એક ઈમારતમાં પાંચ વર્ષ પહેલા દુર્ઘટના બની હતી, જેમાં ૩ મજૂરોના મોત નિપજ્યા હતા. એડોર ગ્રૂપની નહેરુનગર વિસ્તારમાં કલાઉડ-૯ નામની બિલ્ડીંગમાં કામ ચાલી રહ્યુ હતું ત્યારે ઘટના બની હતી, જેમાં અકસ્માત સર્જાતા ૩ મજૂરોના મોત થયા હતા.

૧૩માં માળે લિફ્ટનું કામ ચાલતું હતું. સેન્ટિંગ ભરવાનું કામ કરતા હતા. ત્યારે અચાનક જ તેઓ નીચે પડ્યા હતા. સાઈટ પર કામ કરી રહેલા એક શ્રમિકના જણાવ્યા પ્રમાણે જ્યારે કામ ચાલી રહ્યું હતું ત્યારે લીફ્ટ તૂટતા કુલ આઠ લોકો પડ્યાં હતાં. જેમાંથી બે વ્યક્તિ ઉપરથી નીચે પડ્યાં હતાં. બાકીના ૬ શ્રમિકો બેઝમેન્ટમાં પડ્યા હતાં. જેમને આસપાસની બિલ્ડિંગના લોકોએ રેસ્ક્યૂ કર્યા હતાં.શરૂઆતમાં ૨ લોકોને એમ્બ્યુલેન્સમાં મોકલ્યા હતાં. ૧૫ મિનિટ બાદ અન્ય ૪ વ્યક્તિઓને મોકલાયા હતાં. તે ઉપરાંત બે જણા બેઝમેન્ટમાં ફસાયા હોવાની ખબર પડતાં તેમને બહાર કાઢ્યા હતાં. પંપથી બેઝમેન્ટમાં ભરાયેલું પાણી બહાર કાઢ્યું ત્યારે વધુ ૨ મજૂર મળ્યા હતા. તેમને બહાર કાઢવામાં આવ્યા હતાં. એમ કુલ ૮ મજૂરોને બહાર કાઢ્યા હતા.

જ્યારે આ ઘટના બની ત્યારે સાઈટની ઓફિસમાંથી લાઈટ-પંખા ચાલુ મૂકી સુપરવાઈઝર સહિતના લોકો નીકળી ગયા હતા. સાઈટ ઓફિસમાં અંદર બંને ચેમ્બરમાં એસી અને પંખા ચાલુ મૂકી નીકળી ગયા હતા. શૈલેષભાઈ નામની વ્યક્તિ સાઈટ પર બેસે છે, જેઓ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે મૃતકોની તપાસ કરવા માટે આવ્યા હતા, જ્યારે મીડિયાએ તેમને સવાલ કર્યો ત્યારે તેઓ મીડિયાથી ભાગતા ફરતા જોવા મળ્યા હતા. હવે આ શ્રમિકોનાં મોતનું જવાબદાર કોણ એ સવાલ ઊભો થવા પામ્યો છે.બાંધકામ મજૂર સંગઠનના પ્રમુખ વિપુલ પંડ્યાએ જણાવ્યું હતું કે ગત વર્ષે ગુજરાતમાં ૧૩૬ શ્રમિકનાં મોત થયા છે. આજે જે બનાવ બન્યો તેમાં સુપરવાઈઝર અને એન્જિનિયરની પણ બેદરકારી છે. તેઓ કામના સમયે હાજર રહેતા નથી. શ્રમિકો સાથે માત્ર કોન્ટ્રેક્ટર જ હોય છે. આજના બનાવમાં મૃતકોના માથે હેલ્મેટ પણ નહોતાં તો બીજા કોઈ સુરક્ષાનાં સાધનો પણ નહીં જ હોય. અનેક શ્રમિકોના આકસ્મિક મોત થાય છે, પરંતુ કોઈ જવાબદારી લેતું નથી. એસ્પાયર-૨ના ભાગીદારોનાં નામ ભરત ઝવેરી, જગદીશચંદ્ર કાલિયા, પલ્લવી કંસારા,રમેશચંદ્ર કાલિયા, રાહુલ કાલિયા,કૈલાસચંદ્ર કાલિયા, નિલેશ કાલિયા,આશિષ શાહ, નીતિન સંઘવી,ભરત ઝવેરી, પારુલ ઝવેરીવિપુલ શાહ છે.

**મૃતક શ્રમિકોના યાદી**

જગદીશભાઈ રમેશભાઈ નાયક,
રાજમલ સુરેશભાઈખરાડી,
પંકજભાઈ શંકરભાઈ ખરાડી,
સંજયભાઈ બાબુભાઈ નાયક,
અશ્વિનભાઈ સોમાભાઈ નાયક,
મુકેશભાઈ ભરતભાઈ નાયક.

## ગુજરાતમાં આરોગ્ય કર્મીઓનું અલ્ટીમેટમ, માગણીઓ સ્વીકારવમાં નહીં આવે આંદોલનની ચીમકી



ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે રાજ્યના સરકારી કર્મચારીઓ ભાજપ સરકાર સામે બાંયો ચઢાવી દીધી છે. અનેક સંગઠનો હાલ મેદાનમાં જોવા મળી રહ્યા છે. આજે આરોગ્ય વિભાગના કર્મચારીઓએ રાજ્ય સરકારને છેલ્લું અલ્ટીમેટલ આપ્યું છે. જો તેમની માંગણીઓ નહીં સ્વીકરવામાં આવે તો આવતીકાલથી રોડ પર આંદોલન પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી છે.

આ અલ્ટીમટમ ગુજરાત રાજ્ય આરોગ્ય મહામંડળે આપ્યું છે. જિલ્લા સ્તરના આરોગ્ય કર્મચારીઓ પોલીસવડાને મળશે .તેમની રજૂઆત તે બ્લેક એન્ડ વ્હાઈટ ડ્રેસકોડમાં રહીને કરશે.હાલ રાજ્યમાં વિવિધ સંગઠનો પોતાની પડતર માગણીઓને લઈને સરકાર સામે ધરણા અને પ્રદર્શન કરી રહ્યા છે.નોંધનીય છે કે ગઈકાલે એકસ આર્મીમેન પણ વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા અને જેમાં એક માજી સૈનિકનું મોત નિપજતા ભારે હોબાળો જોવા મળ્યો હતો.

## ગુજરાતના દરિયાથી પકડાયું ૨૦૦ કરોડનું ડ્રગ્સ, પંજાબની જેલમાં બંધ આરોપીએ મંગાવ્યું હતું

મુંબઈ,

ડ્રગ્સ મામલે હવે ગુજરાતનું તંત્ર એક્ટિવ બન્યું છે. ગૂજરાત એટીએસ અને કોસ્ટગાર્ડે સંયુક્ત ઓપરેશનમાં વધુ એક વખત ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. ગુજરાતના દરિયા કિનારેથી અંદાજે ૨૦૦ કરોડનું ડ્રગ્સ પકડાયું છે. પંજાબની જેલમાં બંધ નાઈજિરિયન શખ્સે આ ડ્રગ્સ મંગાવ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે. ડ્રગ્સ સાથે કુલ ૬ પાકિસ્તાની શખ્સોની ધરપકડ કરાઈ છે.

ગુજરાત એટીએસએ વધુ એક વખત ડ્રગઝ માફિયાઓ પર તવાઈ બોલાવી છે. ઈન્ડિયન કોસ્ટગાર્ડ અને ગુજરાત ATS દ્વારા આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.આઈએમબીએલ પાસેથી ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. ૨૦૦ કરોડથી વધુના ડ્રગ્સ સાથે ૬ પાકિસ્તાની શખ્સો પકડાયા છે. આ ડ્રગ્સનો જથ્થો પંજાબની જેલમાં બંદ એક નાઝીરિયન આરોપીએ મંગાવ્યો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. ગુજરાતની દરિયાઈ સીમાની અંદર કેટલાક નોટિકલ માઈલ્સ પાકિસ્તાનની મરીન સીમામાં જઈને ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતું.

આ ઓપરેશમાં કુલ છ પાકિસ્તાની શખ્સોની ધરપકડ કરાઈ છે. તેમની પાસેથી એક બોટ પણ કબજે કરાઈ છે. તમામ પાસેથી કુલ ૪૦ હેરોઈનના પેકેટ મળી આવ્યા છે.

## ભારત યુએન સુરક્ષા પરિષદનો કાયમી સભ્ય બનવાનો પ્રબળ દાવેદાર : જયશંકર

દુબઈ,

વિદેશમંત્રી એસ. જયશંકરે કહ્યું હતું કે ભારત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના કાયમી સભ્ય બનવા માટે પ્રબળ દાવેદાર છે. સુરક્ષા પરિષદે માત્ર આંતરરાષ્ટ્રીય સુરક્ષા જાળવવાના તેના ઉદ્દેશ્યોને પૂરા કરવા માટે જ નહીં, પરંતુ સુસંગત રહેવા માટે પણ બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓને અનુરૂપ હોવું જોઈએ.

જયશંકર વિદેશ મંત્રી તરીકે સાઉદી અરેબિયાની પ્રથમ મુલાકાતે છે. તેમણે એક અખબારને આપેલી મુલાકાતમાં વિદેશમંત્રીએ કહ્યું હતું કે ભારત લાંબા સમયથી સુરક્ષા પરિષદમાં સુધારાના પ્રયાસોમાં અગ્રેસર છે અને કાઉન્સિલના કાયમી સભ્ય બનવાને પાત્ર છે. ભારત સૌથી મોટી લોકશાહી, પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા, પરમાણુ ઉર્જા, ટેકનોલોજી હબ અને વૈશ્વિક કનેક્ટિવિટીની પરંપરા ધરાવતા દેશના રૂપમાં સુરક્ષા પરિષદના કાયમી સભ્ય બનવા માટે મજબૂત દાવેદાર છે. તેમણે કહ્યું હતું કે કાઉન્સિલે માત્ર આંતરરાષ્ટ્રીય સુરક્ષા જાળવવાના તેના ઉદ્દેશ્યોને પરિપૂર્ણ કરવા માટે જ નહીં, પણ સુસંગત રહેવા માટે બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓને અનુકૂલન કરવું આવશ્યક છે. જયશંકર બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરવા શનિવારે ત્રણ દિવસની મુલાકાતે સાઉદી અરેબિયા પહોંચ્યા હતા.

વિદેશમંત્રી તરીકે સાઉદી અરેબિયાની આ તેમની પ્રથમ મુલાકાત છે. તેઓ રવિવારે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનને મળ્યા હતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો લેખિત સંદેશ આપ્યો હતો. તેમણે ક્રાઉન પ્રિન્સને દ્વિપક્ષીય સંબંધોમાં થયેલી પ્રગતિ વિશે પણ માહિતગાર કર્યા હતા.

## ખાદ્યતેલમાં ભાવ વધારામાં લોકોનું તેલ નિકળ્યું, સીંગતેલમાં ૧૦થી ૨૦ રૂપિયાનો વધારો

અમદાવાદ,

દેશભરમાં મોંઘવારીએ માઝા મૂકી છે. ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ એ પ્રમાણે વધ્યા છે કે લોકોને હવે એ વિચારવા મજૂર કર્યા છે કે ભોજનની થાળીમાં કઈ વસ્તુને ખાવી કે નહીં. છેલ્લા ઘણા સમયથી ખાદ્યતેલમાં સતત ભાવ વધારાને કારણે લોકોની કમર તોડી નાખી છે. અસહ્ય ભાવ વધારાને કારણે લોકોના જીવન શૈલી પર પણ અસર પડી છે.

જ્યારે બીજી તરફ ખાદ્યતેલામાં ભાવ વધારો અટકવાનું નામ નથી લઈ રહ્યો. ખાદ્યતેલમાં ભાવ વધારો લોકોનું તેલ કાઢી રહ્યો છે. ખાદ્ય તેલના ભાવમાં ભડકો થતા સામાન્ય વર્ગ ચિંતામાં મુકાયો છે. ફરી એક વખત સીંગતેલના ભાવ વધ્યા છે. સિંગતેલમાં ૨૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે.ભાવ વધારાની સાથે જ સિંગતેલનો ડબ્બો ૨૮૪૦થી ૨૮૯૦ રૂપિયા પર પહોંચી ગયો છે. તો કપાસિયા તેમજ પામ તેલમાં પણ ૧૦થી ૨૦ રૂપિયાનો વધારો કરાયો છે. સતત વધતા ભાવને કારણે લોકોનું બજેટ ખોરવાઈ રહ્યું છે. એટલું જ નહીં આગામી સમયમાં હજી પણ લોકોને મોંઘવારીનો માર સહન કરવો પડી શકે છે.

## કિશોરોને પુખ્તોની જેલમાં રાખવાથી વ્યક્તિગત આઝાદીનો ભંગ : સુપ્રીમ

નવીદિલ્હી,

કોઈ પણ વ્યક્તિની વ્યક્તિગત આઝાદી એક જૂનામાં જૂનો કોન્સેપ્ટ છે. જેને દેશની કોર્ટો વર્ષોથી જાળવતી રહે છે તેમ સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે. કિશોરોને પુખ્ત વયના લોકોની જેલમાં રાખવામાં આવે ત્યારે કિશોરો આ જ અનેક મોરચે તેમની વ્યક્તિગત આઝાદીથી વંચિત રહે છે. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જે બી પારડીવાલાની બેન્ચે જણાવ્યું હતું કે, વ્યક્તિગત આઝાદીના વિચારનું વ્યાપક અર્થઘટન કરાયું છે. એક ચુકાદામાં બેન્ચે જણાવ્યું હતું કે, 'કિશોરોને પુખ્ત વયના લોકોની જેલમાં રાખવામાં આવે ત્યારે વિવિધ બાબતોમાં તે વ્યક્તિગત આઝાદીથી વંચિત રહે છે.' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'વ્યક્તિગત આઝાદી કદાચ સૌથી જૂનો વિચાર છે જેની રાષ્ટ્રીય કોર્ટ્સ દ્વારા હિમાયત કરવામાં આવી છે. છેક ૧૨૧૫ની સાલમાં ઈંગ્લિશ મેગ્ના કાર્ટાએ જણાવ્યું હતું કે, 'કોઈ પણ મુક્ત વ્યક્તિને કાયદાકીય કાર્યવાહી વગર જેલમાં પૂરી શકાય નહીં.' બેન્ચે વધુમાં જણાવ્યું હતું કે, 'કિશોરો માટેની ન્યાય વ્યવસ્થામાં કામ કરતા લોકોમાં બાળકોના અધિકાર અને સંબંધિત ફરજો અંગે જાગૃતિનું પ્રમાણ ઘણું ઓછું હોય છે. એક વખત બાળક પુખ્ત વયના લોકોની ફોજદારી ન્યાય વ્યવસ્થાની જાળમાં અટવાયા પછી તેમાંથી ખરડાયા વગર બહાર નીકળવું મુશ્કેલ છે.' બેન્ચે જણાવ્યું હતું કે, 'કડવું સત્ય એ છે કે કાનૂની સહાયના કાર્યક્રમો પણ સિસ્ટમના અવરોધોનો ભોગ બને છે અને ઘણા સમય પછી વ્યક્તિને તેના અધિકારોની જાણ થાય છે. જેમાં કિશોરોને સજા માટેની અલગ વ્યવસ્થાનો અધિકાર પણ સામેલ છે.' સુપ્રીમ કોર્ટે એક હત્યાના આરોપીના કેસની સુનાવણી વખતે આ ટિપ્પણી કરી હતી. આરોપીએ ગુનાના સમયે સગીર હોવાનો દાવો કર્યો હતો.

અભીનંદન...

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ધી વાડોદર દૂધ ઉ. સ.મં.લી.

તરફથી અભીનંદન....

મુ. વાડોદર, તા. દે.બારીઆ, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

સાલીયા દૂધ મં.લી.

તરફથી અભીનંદન....

મુ. સાલીયા, તા. દે.બારીઆ, જી. દાહોદ



**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

**પંચમહાલ સમાચાર**

# જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ-૨૦૨૨ મહાત્મા ગાંધી વિદ્યા વિનય મંદિર, મલેકપુર ખાતે યોજાયો

મહીસાગર,

રાજયના સાંસ્કૃતિક વારસાનું જતન થાય, કલા, સાહિત્ય અને સંસ્કૃતિમાં આગવી ઓળખ ધરાવનાર અલગ–અલગ વયજુથના કલાપ્રેમીઓ અને પસંદગી પામેલ કૃતિઓનું તાલુકા કક્ષાએથી શરૂ કરી તબક્કાવાર રાજયકક્ષા સુધી તંદુરસ્ત સ્પર્ધા યોજવામાં આવે તથા રાજયની કલા સંસ્કૃતિથી લોકો માહિતગાર થાય તે હેતુથી રાજયમાં કલા મહાકુંભનું આયોજન કરવામાં આવે છે.



ગુજરાત સરકાર રમત–ગમત અને સાંસ્કૃતિક પ્રવુર્તિઓ વિભાગ અને કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવુર્તિઓ ગાંધીનગર દ્વારા આયોજિત જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી મહીસાગર સંચાલિત અને મહાત્મા ગાંધી વિનય મંદિર મલેકપુરના સહયોગથી આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત મહીસાગર જિલ્લા કક્ષા કલામહાકુંભ–૨૦૨૨ પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ અને જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરના અધ્યક્ષ સ્થાને યોજાયો.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા બાળકોમાં રહેલ શકિતને બહાર લાવવા માટે કલા મહાકુંભ યોજવામાં આવે છે. શિક્ષણની સાથે બાળકમાં રહેલ શક્તિઓને બહાર લાવવાનું કામ કલા મહાકુંભ દ્વારા કરવામાં આવે છે અને વિદ્યાર્થીઓએ રમત–ગમત કે સાંસ્કૃતિક સ્પર્ધામાં ભાગ લેવો જોઈએ.

આ પ્રસંગે પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડે જણાવ્યું કે, બાળકોને ઘણી વખત ફકત અભ્યાસ તરફ જ ધ્યાન રહેતું હોઈ છે. એવામાં કલા મહાકુંભ દ્વારા છુપાયેલી શકિતને ઉજાગર કરવી જોઈએ. વિશ્વાસથી વિકાસ યાત્રા અંતર્ગત છેવાડાના બાળકોમાં રહેલ છુપાયેલી શક્તિને ઉજાગર કરવાનું કામ કેન્દ્ર સરકાર અને રાજય સરકાર કરી રહી છે અને સાંસદએ રાજય કક્ષાએ મહીસાગર જિલ્લાનું નામ રોશન થાય તેવી પ્રાથના કરી હતી.

લુણાવાડા ધારાસભ્ય જીજ્ઞેશભાઈએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓની સ્કિલ બહાર આવે તે માટે સરકાર અનેક આયોજન કરે છે અને આજે જિલ્લા કક્ષાએ નવ જેટલી કૃતિઓ યોજવામાં આવી રહી છે.

કલા મહાકુંભ દરમિયાન વિવિધ સ્કૂલના બાળાઓ દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરે નિહાળી હતી.

આ પ્રસંગે રમત–ગમત અધિકાર હર્ષાબેન, જિલ્લા યુવા વિકાસ અધિકારી શર્મિષ્ઠાબેન, મહાત્મા ગાંધી વિદ્યા વિનય મંદિર સ્કૂલ આચાર્ય શૈલેષભાઈ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# મહીસાગર જિલ્લાના સરકારી ચમારિયા ગામે નવીન ૬૬ કે.વી. સબ સ્ટેશન ભૂમિપૂજન

મહિસાગર,

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના સરકારી ચમારીયા ખાતે રાજય સરકારની New Development (ND) Schemeની ગ્રાન્ટ હેઠળ રૂપિયા ૪૫૦ લાખના ખર્ચે જેટકો દ્વારા નવીન ૬૬ કે.વી.સબ સ્ટેશનનું ભૂમિ પૂજન આયોજન કરવા આવ્યું હતું.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

આ પ્રસંગે નવીન સ્થાપિત થનાર સબ સ્ટેશન સ્થળે પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ લુણાવાડા ધારાસભ્ય જીજ્ઞેશભાઈ સેવકના હસ્તે સરપંચ ચિરાગ પટેલ,તાલુકા પંચાયત પ્રમુખ જયંતિકાબેન પટેલ, અગ્રણી રાવજીભાઈ પટેલ, તાલુકા–જિલ્લા પંચાયત સદસ્યો,જેટકોના અધિક્ષક ઈજનેર આર એમ પટેલ જેટકો એમજીવીસીએલના અધિકારીઓ કર્મચારીઓ સહિત ગ્રામજનોની ઉપસ્થિતિમાં વિધિપૂર્વક પૂજન કરવામાં આવ્યું.સાથે સાથે કાર્યક્રમ સ્થળે મહાનુભાવો દ્વારા તકતી અનાવરણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે સાંસદ રતનસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર લોકોની સુખાકારી માટે અવિરત કાર્ય કરી લોકોના વિશ્વાસથી વિકાસ યાત્રાને આગળ વધારી રહી છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારની વધતી જતી વીજમાંગને પહોંચી વળવા ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમીટેડ દ્વારા સ્થાપિત આ સબ સ્ટેશનથી આસપાસના ૩૨ ગામોના સાડા ચાર હજાર જેટલા વીજગ્રાહકોને લાભ મળશે. ઉપરાંત સબ સ્ટેશન બનવાથી ૧૧ કેવી ફીડરની લંબાઈ અને ફીડર લોડિંગ ૫૦ ટકા કરતાં વધારે ઘટવાને કારણે વીજ ગ્રાહકો ને વધુ સાતત્યપૂર્ણ અને વિક્ષેપરહિત વીજ પુરવઠો મળશે.

આ પ્રસંગે લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકે આ વિસ્તારની જનતાને વીજ સબ સ્ટેશનની સાથે સાથે ટુંકા અંતરમાં જિલ્લા મથક પહોંચી શકાય તે માટે લુણાવાડા મોતિઘોડા પાનમ નદીના નવીન મોટા પુલની રૂપિયા ૩૫ કરોડના ખર્ચેના મુખ્યમંત્રી દ્વારા મંજૂરી આપી છે. આમ, બેવડો લાભ સરકાર દ્વારા આપવામાં આવ્યો છે. તેની જાહેરાત કરતાં ઉપસ્થિત ગ્રામજનોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત-હિમાચલ અને જમ્મુ-કાશ્મીરની ચૂંટણી એકસાથે યોજાશે ! પંચની તૈયારી

નવીદિલ્હી,

ગુજરાતમાં આગામી નવેમ્બર મહિનામાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની શકયતા છે અને હિમાચલ પ્રદેશની ચૂંટણી પણ સાથે યોજાય તેવી રાજકીય અટકળો વ્યક્ત થઈ રહી છે ત્યારે એવા મહત્વપૂર્ણ સંકેતો સાંપડ્યા છે કે દેશના સૌથી સંવેદનશીલ રાજ્ય એવા જમ્મુ-કાશ્મીરમાં પણ ગુજરાત-હિમાચલની સાથે જ ધારાસભાની ચૂંટણી યોજી દેવામાં આવશે. આ દિશામાં ચૂંટણી પંચ દ્વારા વિચારણાની સાથે તૈયારી પણ શરુ કરી દેવામાં આવી છે.

એકસાથે ત્રણ રાજયોની ચૂંટણી જાહેર થવાના સંજોગોમાં રાજકીય પક્ષોએ મોટી દોડધામ કરવી પડે તે સ્પષ્ટ છે. ખાસ કરીને કાશ્મીરમાં કલમ-૩૭૦ની નાબૂદી બાદ પ્રથમ વખત ચૂંટણી થાય તેમ હોવાથી રાજકીય પક્ષોએ તમામ તાકાત કામે લગાડવી પડે તેવી સ્થિતિ સર્જાશે.

દેશના સૌથી સંવેદનશીલ રાજય જમ્મુ અને કાશ્મીરમાં આ વર્ષના અંત પુર્વે વિધાનસભા ચૂંટણીઓ યોજાશે તેવા સંકેત છે. રાજયને ખાસ દરજજો આપતી કલમ ૩૭૦ની નાબુદી બાદ રાજયમાં નવા સિમાંકન સાથેની પ્રક્રિયા પુરી થઈ ગઈ છે. લદાખ ક્ષેત્રને અગાઉથી જ જમ્મુ-કાશ્મીરથી અલગ કેન્દ્ર શાસીત પ્રદેશ બનાવી દેવાયા છે.

તા.૧ ઓકટો. સુધીમાં રાજયની નવી મતદાર યાદી પણ તૈયાર થઈ જશે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે રાજયમાં શાંતિ જાળવવા અને જનજીવન રોજીંદુ બને તે માટે સતત મોનેટરીંગ બેઠકો યોજી હતી અને હવે રાજયમાં રાજકીય પ્રક્રિયા શરૂ કરવા માટે યોગ્ય સમય હોવાનો પણ સંકેત મળી જતા આગામી ૨-૩ માસમાં જમ્મુ-કાશ્મીરમાં ધારાસભા ચૂંટણીયો યોજાશે અને ચૂંટાયેલી સરકારને રાજયમાં શાસન સુપ્રત કરી રાષ્ટ્રપતિ શાસન ઉઠાવી લેવાશે.

રાજયમાં ભાજપે ચૂંટણી તૈયારી શરૂ પણ કરી દીધી છે અને પક્ષના વરિષ્ઠ નેતાઓ શ્રી અમિત શાહ, શ્રી રાજનાથ સિંહ, નિતીન ગડકરી, સ્મૃતિ ઈરાની વિ. પ્રયાસ કરીને ચૂંટણીઓ અંગે ફીડબેક મેળવશે. ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી બી.એલ.સંતોષ સમગ્ર ચૂંટણી વ્યવસ્થામાં મહત્વની ભૂમિકા ભજવશે.

ભાજપે તેની ચૂંટણી તૈયારીમાં હવે ઢંઢેરો પણ તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. જેમાં સૌથી મહત્વનું જમ્મુ-કાશ્મીરને પુર્ણ રાજયનો દરજજો બહાર કરવાનું પણ વચન અપાશે.

# દાહોદ જિલ્લા શિક્ષણાધિકારીને શાળા સંચાલકોના પ્રશ્નો તાત્કાલિક હલ કરવા રજૂઆત કરવામાં આવી

દાહોદ,

દાહોદ જિલ્લા શાળા સંચાલક મંડળના પ્રમુખ ગોપાલભાઈ ધાનકા અને મંત્રી મગનભાઈ જાટવા એ જિલ્લા શિક્ષણાધિકારી દાહોદને દાહોદ જિલ્લા શાળા સંચાલકોના પ્રશ્નો અંગે મુલાકાત લીધી હતી અને લેખિતમાં રજૂઆત કરી પ્રશ્નોના નિકાલ કરવાની તેમને ખાતરી આપી હતી.

પ્રશ્નોની રજૂઆત નીચે મુજબ લેખિતમાં કરવામાં આવી હતી. (૧) વર્ષ ૨૦૨૨–૨૩ નો નિભાવ ગ્રાન્ટનો હપ્તો દર વર્ષે જૂન માસમાં મળી જાય છે જે આજ દિન સુધી મળ્યો નથી. (૨) પ્રવાસી શિક્ષકોના ગત વર્ષ ૨૦૨૧–૨૨ માં એપ્રિલ થી મે સુધીના મહેનતાણા ની રકમ સરકારએ મંજૂર કરેલ અને ગ્રાન્ટ પણ ફાળવી આપેલ છે, જે આજદિન સુધી મળી નથી. (૩) પ્રવાસી શિક્ષકોના માનદવેતનની રકમ જૂન ૨૦૨૨ થી ઓગસ્ટ ૨૦૨૨ સુધીની તાત્કાલિક આપવા માટે યોગ્ય નિર્ણય થવા વિનંતી છે. (૪) ગ્રાન્ટ આદેશોમાં જે કપાતો કરવામાં આવે છે તેની કોઈ વિગત હોતી નથી. કેટલીક શાળાઓમાં વર્ગ વધારો મંજુર થાય ત્યારથી ગ્રાન્ટ આપવાની હોય છે, પણ આપ દ્વારા ગ્રાન્ટ બીજા વર્ષથી આપવામાં આવે છે. જે હુકમ હોય છે, તેમાં સ્પષ્ટતા હોતી નથી. (૫) જીપીએફમાં ૧૦% રકમ હજુ સુધી મંજૂર કરી હોવા છતાં તેનો ચેક મળતો નથી. એ કર્મચારીનો હિસાબ કમ્પલેટ હોય છે તેમને આખરી ઉપાડનું ચૂકવણું કરી દેવુ જોઈએ. (૬) ઈન્ટરનેટ સેવા માટેની ગ્રાન્ટ જે તે શાળાની મંજૂરી થઈને આવે ત્યારે સમયસર ચુકવણી થતી નથી, વર્ષ નીકળી જાય છે પછી આવે છે. જેમાં સુધારો કરવો જરૂરી છે. (૭) ટ્રાયબલ સબ પ્લાન દાહોદ દ્વારા શાળાની ભૌતિક સુવિધાઓ વધે તે માટે રમત ગમત સાધનો, વિજ્ઞાન સાધનો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ડ્રેસ સાધન સહાય, શાળાને ઓરડા બાંધવાની સહાય મળતી હતી. જેમાં આપની કાઉન્ટર સહી હોય તો જ મળે છે. જે આપ આવી ફાઈલોમાં ભલામણ સહ શાળાને મળે તે માટે યોગ્ય કરવા વિનંતી છે.

# દાહોદના છાપરી ગામે બંધ મકાન માંથી સોના-ચાંદીના દાગીના રોકડ મળી ૫૪ હજારની ચોરી

દાહોદ,

દાહોદ તાલુકાના છાપરી ગામે એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ચાંદીની મુર્તિઓ, રોકડા રૂપીયા સહિત સોના – ચાંદીના દાગીના મળી કુલ રૂા. ૫૪,૫૦૦ની મત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

ગત તા.૧૧મી સપ્ટેમ્બરના રોજ દાહોદ તાલુકાના છાપરી ગામે નિશાળ ફળિયામાં અંબા માતાજીના મંદિર પાછળ રહેતાં પુષ્પાબેન રાજુભાઈ પરમારના બંધ મકાનમાં રાત્રીના સમયે તસ્કરોએ પ્રવેશ કર્યો હતો અને મકાનના બંધ મકાનનું તાળુ તોડી મકાનમાં પ્રવેશ કરી મકાનમાં મુકી રાખેલ કબાટમાંથી ચાંદીની મુર્તિઓ નંગ. ૦૪, સોનાની ફોટો ફ્રેમ નંગ.૧, ચાંદીની પાયલ નંગ. ૪ જોડી, ચાંદીનું કડું નંગ. ૧, એક સોનાની ચેઈન તથા એક સોનાનો મંગળસુત્ર તથા કાનની બુટ્ટી નંગ. ૧ તેમજ રોકડા રૂપીયા ૫,૦૦૦ મળી કુલ રૂા.૫૪,૫૦૦ની મત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો નાસી જતાં આ સંબંધે પુષ્પાબેન રાજુભાઈ પરમારે દાહોદ બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સુપ્રીમ કોર્ટની ટિપ્પણી

# ચૂંટણી લડવાનો અધિકાર મૌલિક અધિકાર નથી, તે કાયદા દ્વારા અપાયેલ અધિકાર

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે ચૂંટણી લડવાના અધિકાર પર એક મોટી ટિપ્પણી કરી છે. સુપ્રીમ કોર્ટની પીઠે કહ્યું છે કે, ચૂંટણી લડવાનો અધિકાર ન તો મૌલિક અધિકાર છે અને ન તો તે સામાન્ય કાયદો પણ આ કાયદા દ્વારા આપવામા આવેલો અધિકાર છે. આ ટિપ્પણી સાથએ જ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ હેમંત ગુપ્તા અને જસ્ટિસ સુધાંશુ ધૂલિયાની પીઠે વિશ્વનાથ પ્રતાપ સિંહ દ્વારા દાખલ કરવામાં આવેલી વિશેષ અનુમતિ અરજીને ફગાવી દીધી હતી. આ દરમિયાન પીઠે કહ્યું કે, કોઈ વ્યક્તિ એવો દાવો ન કરી શકે છે કે તેને ચૂંટણી લડવાનો અધિકાર છે. જન પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૦ ની સાથે ચૂંટણી આચરણ નિયમ ૧૯૬૧માં પણ ઉમેદવારી ફોર્મ ભરતી વખતે ઉમેદવારના નામને પ્રસ્તાવિત કરવાની વ્યવસ્થા છે. કોર્ટે કહ્યું કે, કોઈ વ્યક્તિ આ શરત સાથે પોતાના મૌલિક અધિકારોનું ઉલ્લંઘન બતાવી ન શકે.

હકીકતમાં જોઈએ તો, અરજીકર્તા વિશ્વનાથ પ્રતાપ સિંહે પોતાની અરજીમાં કહ્યું કે, ૨૧ જૂન ૨૦૨૨થી ૧ ઓગસ્ટ ૨૦૨૨ સુધી સેવાનિવૃત થનારા સભ્યોની સીટો ભરવા માટે ૧૨ મે ૨૦૨૨ના રોજ રાજ્યસભા ચૂંટણી માટે નોટિફિકેશન જાહેર કરવામા આવ્યું હતું અને ઉમેદવારી ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૩૧મે હતી. અરજીકર્તાએ આ ચૂંટણી લડવા માટે ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું. જો કે, તેમના નામનો પ્રસ્તાવ કરનારા યોગ્ય પ્રસ્તાવક વિના ઉમેદવારી ફોર્મ દાખલ કરવાની મંજૂરી મળી નહોતી.

આ મામલામાં તેમણે ભારતીય ચૂંટણી પંચના નોટિફિકેશન વિરુદ્ધ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં પ્રસ્તાવક હોવાની ફરજિયાત ગણાવ્યું હતું. મામલામાં તેમણે દિલ્હી હાઈકોર્ટમાં કહ્યુ હતુ કે, તેમના ભાષણ અને અભિવ્યક્તિના મૌલિક અધિકાર અને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારનું ઉલ્લંઘન થયું છે. જો કે, હાઈકોર્ટે તેમનો આ તર્ક રદ કરી દીધો હતો. ત્યાર બાદ વિશ્વનાથ પ્રતાપ સિંહે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. સુપ્રીમ કોર્ટે તેમને દિલ્હી હાઈકોર્ટના ૧૦ જૂનના આદેશને પડકાર આપતી અરજી કરી હતી. આ અરજીમાં સુનાવણી કરતા ન્યાયમૂર્તિ હેમંત ગુપ્તા અને ન્યાયમૂર્તિ સુધાંશુ ધૂલિયાની પીઠે તેને રદ કરી દીધી હતી.

# ભાજપ મહિલાઓને ગુજરાતના તીર્થસ્થાનોની યાત્રા કરાવશે

ગાંધીનગર,

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી નજીક આવી રહી છે તે સમયે ભાજપે હવે મહિલા મતદારો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, આગામી ૨૫ સપ્ટેમ્બરના રોજ ભાજપ દ્વારા એસસી અને એસટીની અંદાજે ૩૬ બેઠકો પર મહિલા સંમેલનો યોજવાની સાથે તા. ૭ ઓક્ટોબરે પંચતીર્થ યાત્રા મારફત મહિલાઓને ગુજરાતના યાત્રાધામો પર લઈ જઈ મહિલા મતદારોને આકર્ષવા પ્રયાસ કરશે.

ગુજરાતમાં ચૂંટણી માટેનો માહોલ ધીમે ધીમે બની રહ્યો છે તે જોતા આગામી ૫૦ દિવસમાં ચૂંટણીનું વાતાવરણ બની શકે છે,તેમાં પણ એક તરફ સરકારી કર્મચારીઓ તથા અન્ય સંગઠનો દ્વારા આંદોલનનાં રણશીંગા ફૂંકીને સરકારને ભીંસમાં લેવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે વચ્ચે ભાજપે હવે તેના સંભવિત ઉમેદવારો માટે પણ ચર્ચા શરુ કરી દીધી છે સાથે સાથે વર્તમાન ભુપેન્દ્ર પટેલ સરકારે તેના શાસનનું એક વર્ષ પૂર્ણ કરી દીધું છે, જેની ઉજવણી વિવિધ કાર્યક્રમો દ્વારા ચાલી રહી છે, તા. ૧૭ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ છે,તોબીજી બાજુ ભાજપનાપ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ લગભગ સાત દિવસ સુધી બેંગ્લોરમાં જીંદાલ નેચરલ રિસોર્ટમાં સારવાર માટે લઈ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે,૨૦ તારીખ સુધીમાં તેમના આગમન બાદ ઉમેદવારોની પસંદગી માટેની પ્રક્રિયા પણ શરુ થશે. બીજી તરફ પક્ષમાં અનેક નવા ચહેરાને તક મળી શકે છે,

ભાજપે હાલ તો રાજ્યની એસટી અને એસસી બેઠકો પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે અને તા. ૨૫ સપ્ટેમ્બરના ભાજપ દ્વારા એસસી અને એસટીની અંદાજે ૩૬ બેઠકો પર મહિલા સંમેલનો યોજવા ની સાથે તા. ૭ ઓક્ટોબરે પંચતીર્થ યાત્રા મારફત મહિલાઓને ગુજરાતના યાત્રાધામો પર લઈ જવાશે, આ માટે ભાજપના મહિલા મોરચા ને સંપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી હોવાથી આખો મહિલા મોરચો પણ ચૂંટણી ના માહોલ માં સક્રિય થઈ ગયો છે.

# નાણાંમંત્રીએ મોંઘવારી દેખાતી ન હોય તો એ લોક પ્રતિનિધી નથી : ચિદમ્બરમ્

નવીદિલ્હી,

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી ચિદમ્બરમે ફુગાવાના મુદ્દે નાણાપ્રધાન નિર્મલા સીતારામનની ટીકા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, રિટેલ ફુગાવો સાત ટકાએ પહોંચ્યો છે છતાં હજુ નાણાપ્રધાનને મોંઘવારી દેખાતી ન હોય તો એનો અર્થ એ થયો કે, તે દેશના સામાન્ય પરિવારના પ્રતિનિધી નથી.ઉલ્લેખનીય છે કે, સતત ત્રણ મહિનાના ઘટાડા પછી ખાદ્ય ચીજોના ઊંચા ભાવને કારણે રિટેલ ફુગાવો ઓગસ્ટમાં વધીને સાત ટકાએ પહોંચ્યો છે.

ચિદમ્બરમે ટ્વિટ કર્યું હતું કે, 'હજુ થોડા દિવસ પહેલાં નાણાપ્રધાને જણાવ્યું હતું કે, ફુગાવા તેમના માટે 'ચેતવા જેવી બાબતોની પ્રાથમિકતા'ની યાદીમાં આવતો નથી. દેશનો રિટેલ ફુગાવો સોમવારે વધીને ૭ ટકા થયો છે અને ખાદ્ય ચીજોનો ફુગાવો ૭.૬૨ ટકા છે.'

રિઝર્વ બેંક ધિરાણ નીતિ તૈયાર કરતી વખતે કન્ઝ્યુ. પ્રાઈસ ઈન્ડેક્સ અથવા રિટેલ ફુગાવાને ધ્યાનમાં લે છે. સતત આઠ મહિનાથી રિટેલ ફુગાવો રિઝર્વ બેંકના ૬ ટકાના સાનુકૂળ સ્તરની ઉપર છે. જુલાઈમાં રિટેલ ફુગાવો ૬.૭૧ ટકા અને ઓગસ્ટ ૨૦૨૧માં ૫.૩ ટકા હતો. ફુગાવામાં વધારો થાય ત્યારે રિઝર્વ બેંકને વ્યાજદરમાં પણ વધારો કરવાની ફરજ પડે છે. છેલ્લા કેટલાક મહિનાથી આરબીઆઈની પોલિસીમાં વ્યાજદર વધ્યા છે. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસએ સોમવારે જારી કરેલા ડેટા મુજબ ઓગસ્ટમાં ખાદ્ય ચીજોનો ફુગાવો ૭.૬૨ ટકા થયો હતો, જે જુલાઈમાં ૬.૬૯ ટકા હતો. ઓગસ્ટ ૨૦૨૧માં ખાદ્ય ચીજોનો ફુગાવો ૩.૧૧ ટકા હતો.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે ખૂબ ફાયદાકારક રહેશે. તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનત અને ભાગદોડમાં રોકાયેલા રહેશો.

વૃષભ : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં વિવાદ થઈ શકે છે, તેથી વર્તનમાં સંયમ રાખો અને ધીરજથી મામલો સંભાળો. જો તમે ધૈર્ય ગુમાવશો તો તમારા પરિવારના સભ્યો સાથે બિનજરૂરી દલીલો થવાની સંભાવના છે. આર્થિક સ્થિતિમાં ઘટાડો થઈ શકે છે.

મિથુન : આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં. કાર્ય વ્યવસાયથી લાભની પૂરેપૂરી સંભાવના છે.

કર્ક : નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં સંયમ નહીં રાખો તો ખરાબ સ્વાસ્થ્ય તરફ દોરાઈ શકો છો.

સિંહ : આજે સમૃદ્ધિનો દિવસ રહેશે, પરંતુ તમે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં રહો, આળસથી દિવસની શરૂઆત થશે. ઘરના પૂરા નહીં થયેલા કાર્યોથી અસ્વસ્થતા અનુભવી શકો છો. આવકના સ્ત્રોતમાં વધારો થશે.

કન્યા : આજનો દિવસ લાભકારક રહેશે. પ્રકૃતિ ચંચળ હશે. લોકોને તમારી હાજરીમાં હળવાશનો અનુભવ થશે. કાર્યસ્થળ પર કોઈ કાર્ય સમયસર કરવામાં આવશે નહીં, છતાં નાણાકીય લાભ ક્યાંકથી અચાનક બનશે.

તુલા : આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઈચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે. ઘરના કોઈને આપેલ વચન પૂરા કરવામાં વિલંબ થશે.

વૃશ્ચિક : આજનો દિવસ સારો રહેશે, પરંતુ તમે ઉતાવળમાં ભૂલ કરી શકો છો. જો તમે તમારી આવડત કરતા મોટું કામ કરો છો તો તમે મુશ્કેલીમાં ફસાઈ શકો છો, તેથી કોઈપણ કાર્ય વિચાર્યા પછી જ હાથમાં લેશો.

ધનુ : આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે. મનમાં ખોટ થવાના ડરને કારણે તમે કાર્યમાં ઉત્સાહ લાવી શકશો નહીં. જોબસીકર્સ અને ધંધાકીય લોકોએ કોઈપણ ભૂલની ભરપાઇ કરવા માટે તેમની દિનચર્યામાં ફેરફાર કરવો પડશે.

મકર : આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે. વ્યવસાયમાં બધા બિનજરૂરી કામ સરળતાથી થઈ જશે.

કુંભ : આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, નહીં તો વિવાદ વધુ થઈ શકે છે. પરિવારના સભ્યો પણ કોઈક કારણસર ગુસ્સે થશે. રાજકારણ સાથે સંકળાયેલા લોકોને પ્રગતિ માટે વિશેષ તકો મળશે.

મીન : આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે. કુટુંબને તમારા વર્તનનો ઘમંડ ગમશે નહીં, વડીલોથી બચજો. ઓફિસમાં તમારા કામથી તમે સંતુષ્ટ થશો નહીં.

# કોંગ્રેસના ૮ ધારાસાભ્ય જ ભાજપમાં જોડાશે, પક્ષપલટાનો કાયદો લાગુ નહીં થાય : ૩ ભૂલને કારણે ફૂટ પડી

પણજી,

ગોવા કોંગ્રેસના ૧૧માંથી ૮ ધારાસભ્યે બુધવારે પાર્ટી છોડી દીધી છે. દરેક ધારાસભ્ય મુખ્યમંત્રી પ્રમોદ સાવંત સાથે વિધાનસભા પહોંચ્યા હતાં અને તેમણે સ્પીકર રમેશ તાવડકરને પાર્ટીમાંથી અલગ થવાનો પત્ર આપ્યો છે. ગોવા ભાજપના પ્રદેશ અધ્યક્ષ સદાનંદ તનવડેએ જણાવ્યું હતું કે દરેક ધારાસભ્ય ભાજપમાં સામેલ થવાના છે.



કોંગ્રેસ છોડનારા ધારાસભ્યોમાં પૂર્વ મુખ્યમંત્રી દિગંબર કામત, દેલિલા લોબો, કેદાર નાઈક, એલિકસો સિક્વિરિયા, માઈકલ લોબો, રાજેશ ફલદેસાઈ, સંકલ્પ અમોનકર અને રુડોલ્ફ ફર્નાન્ડિઝનાં નામ સામેલ છે. બળવાખોર ધારાસભ્યોની સંખ્યા ૨/૩ કરતાં વધારે હોવાથી આ ધારાસભ્યો પર પક્ષપલટાનો કાયદો લાગુ થશે નહીં. ૧૦ માર્ચ ૨૦૨૨ના રોજ ગોવામાં ચૂંટણી પરિણામ આવ્યાં છે, જેમાં કોંગ્રેસને ૪૦માંથી ૧૧ સીટ મળી હતી, પરંતુ ૭ મહિનાની અંદર જ પાર્ટી તૂટી ગઈ હતી. એની પાછળ કોંગ્રેસની ૩ મોટી ભૂલ છે.

૧. બહારથી આવેલા લોબોનું કદ વધાર્યું- ચૂંટણી પરિણામ આવ્યાં પછી કોંગ્રેસે બહારથી આવેલા માઈકલ લોબોને વિપક્ષના નેતા બનાવ્યા હતા. લોબો ચૂંટણી પહેલાં જ પાર્ટીમાં સામેલ થયા હતા. વિપક્ષના નેતાની રેસમાં સામેલ દિગંબર કામત કોંગ્રેસ હાઈકમાન્ડે આ નિર્ણયથી નારાજ થઈ ગયા હતા. ત્યાર પછીથી જ માનવામાં આવે છે કે કોંગ્રેસ તૂટવાની શરૂ થઈ છે.

૨. અધ્યક્ષ પર એક્શન, પ્રભારી પર કાર્યવાહી નહીં- ગોવામાં હાર પછી કોંગ્રેસ હાઈકમાન્ડે ગિરીશ ચોડનકરનું રાજીનામું લઈ લીધું હતું, પરંતુ પ્રદેશ પ્રભારી દિનેશ ગુંડુરાવ પર કોઈ કાર્યવાહી કરાઈ નહોતી. ગુંડુરાવથી પાર્ટીના ઘણા સિનિયર નેતા ચૂંટણી પહેલાંથી નારાજ હતા. આ કારણથી પી. ચિદમ્બરમને કોંગ્રેસના ઓબ્ઝર્વર બનાવીને મોકલ્યા હતા.

૩. નવા અધ્યક્ષે જૂથવાદ કર્યો તો કોઈ પગલાં ના લેવાયાં- નવા અધ્યક્ષ અમિત પાટકર મુદ્દે પણ પાર્ટીમાં જૂથવાદનો વિવાદ વધી ગયો હતો, જેની અસર રાષ્ટ્રપતિ ચૂંટણી પર પણ જોવા મળી હતી. એ સમયે પાર્ટીના અંદાજે ૪ ધારાસભ્યે ક્રોસ વોટિંગ કર્યું હતું. પાર્ટીએ ત્યારે પણ ડેમેજ કંટ્રોલનાં પગલાં નહોતાં લીધાં.

આ વર્ષે જુલાઈમાં કોંગ્રેસે પાર્ટી વિરોધી કાવતરામાં સામેલ થવાનો આરોપ લગાવીને દિગંબર કામત અને માઈકલ લોબો પર કાર્યવાહી કરાઈ હતી. એ સમયે કોંગ્રેસે તેમના ધારાસભ્યો બચાવવા માચે ૫ ધારાસભ્યોને ચેન્નઈ શિફ્ટ કર્યા હતા.

આ પહેલાં ૨૦૧૯માં કોંગ્રેસના ૧૫માંથી ૧૦ ધારાસભ્ય ભાજપમાં સામેલ થયા હતા. એમાં વિપક્ષના નેતા ચંદ્રકાંત કાવલેકર પણ સામેલ હતા. ગોવાના મુખ્યમત્રી પ્રમોદ સાંવતે કોંગ્રેસના દરેક બળવાખોર ધારાસભ્યોને ભાજપમાં સામેલ કરાવ્યા હતા.

# ફતેપુરા તાલુકાના ઘાણીખુંટ હાઈવે માર્ગથી પીકપ ડાલામાં ઝાલોદ કતલખાને લઈ જવાતા ચાર પશુઓ ઝડપી પાડતી સુખસર પોલીસ



ફતેપુરા,

કતલખાનાઓને ધમધમતા રાખવા મૂંગા પશુઓની હેરાફેરી કરતા તત્વો ફતેપુરા તાલુકાના નાના-મોટા માર્ગો ઉપરથી દરરોજ પસાર થઈ રહ્યા છે. પંચમહાલ, મહીસાગર જિલ્લામાંથી વહન કરવામાં આવતા ઘરડા અને અસક્ત પશુઓ વર્ષોથી રાજસ્થાનના કતલખાનાઓ સુધી પહોચાડવામાં આવી રહ્યા છે. છતાં મોટાભાગના કતલખાનાઓ માટે પશુઓની હેરાફેરી કરતા તત્વો અનેક પોલીસ સ્ટેશન પાર કરી સહી સલામત જે-તે કતલખાના સુધી પશુઓને પહોંચાડી દેતા હોય છે. જોકે, જે રસ્તા ઉપરથી નિયમિત કતલખાના સુધી મૂંગા પશુઓની હેરાફેરી કરતા લોકોને બાતમીના આધારે વર્ષમાં એકાદ-બે વાર ઝડપી કાર્યવાહી કરી સંતોષ માની લેવામાં આવે છે. તેવી જ રીતે મંગળવારના રોજ સુખસર પોલીસે સંતરામપુર થી ઝાલોદ જતા ઘાણીખુંટ ગામે હાઈવે માર્ગ ઉપરથી ચાર ભેંસો ભરેલ પીકઅપ ડાલાને ઝડપી તેમાં સંડોવેલા બે આરોપીઓની ધરપકડ કરી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ મંગળવારના રોજ સંતરામપુર થી ઝાલોદ જતા હાઈવે માર્ગ ઉપરથી પીકપ ડાલા નંબર- જીજે.૨૦.યુ.૩૫૦૦માં ચાર ભેંસો ભરી કતલખાને લઈ જવામાં આવી રહી હોવા બાબતે સુખસર પીએસઆઇ એમ.કે.પટેલનાઓને ચોક્કસ બાતમી મળતા સુખસર પોલીસ બાતમી વાળી ગાડીની તપાસ અર્થે ઘાણીખૂટ ગામે હાઈવે માર્ગ ઉપર વોચમાં ગોઠવાઈ હતી અને બાતમી વાળી ગાડી આવતા તેને ઉભી રાખી આ પીકઅપ ડાલાના ચાલક તથા તેની સાથેના ઈસમની પશુઓની હેરાફેરી બાબતે પૂછપરછ કરતા તેઓએ ગલ્લા ગલ્લા કર્યા હતા અને આ પશુઓ કતલખાનામાં લઈ જવામાં આવતા હોવાની ખાતરી થતાં પશુઓની હેરાફેરીમાં સંડોવાયેલા ઈસમોની પૂછપરછ કરી તેઓના નામ પૂછતા પિકઅપ ડાલા ચાલક જીગરભાઈ બાબુભાઈ કટારા રહે.ઝાલોદ નવા ઘરાફળીયુ તથા ઈરફાન રહીમ મુકુલ રહે.ઝાલોદ માંડલી ફળિયા, તાલુકો.ઝાલોદનાઓની ધરપકડ કરી હતી. સુખસર પોલીસે પીકપ ડાલા સાથે ચાર ભેંસોનો કબજો લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ચાર ભેંસોની કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- તથા પીકઅપ ડાલાની કિંમત રૂપિયા ૨,૧૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૫૫૦૦૦/- ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે. જ્યારે ઝડપાયેલ ભેંસોને પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવી હોવાનું પણ જાણવા મળે છે.

સુખસર પોલીસે ગેરકાયદેસર પશુઓની હેરાફેરીમાં સંડોવાયેલા જીગર કટારા તથા ઈરફાન મુકુલની વિરૂદ્ધમાં ધી ગુજરાત પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ ની કલમ ૧૧(૧)(ડી)(ઈ)(એફ)(એચ) મુજબનો પશુધારા હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.

# ફતેપુરા તાલુકાના વાઘવડલા ગામના ૨૨ વર્ષીય યુવાનની પત્ની, સસરા તથા સાળા દ્વારા હત્યા કરવામાં આવી હોવાનો પરિવારજનો દ્વારા આક્ષેપ

- મૃતક યુવાન ત્રણ માસ અગાઉ ધાનપુર તાલુકાની યુવતીને પોતાના ઘરમાં પત્ની તરીકે લાવ્યો હતો.
- છોકરા-છોકરી પક્ષની પંચોએ સમાધાન કરી લેવડ-દેવડ પૂરી થતાં સસરાએ પુત્રી-જમાઈને જુનાગઢ થી મળવા માટે ચાંગોદર બોલાવ્યા હતા.
- ચાંગોદર પોલીસ દ્વારા મૃતક યુવાનની લાશ કબજે લઈ પીએમ અર્થે મોકલી આપી.

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના વાઘવડલા ગામના એક યુવાનના પરિચયમાં ધાનપુર તાલુકાની યુવતી સાથે અમદાવાદ ચાંગોદર ખાતે કંપનીમાં કામ કરતા પરિચય થયો હતો. સમય જતા બંને વચ્ચે પ્રેમ પાંગરતા ગત ત્રણેક માસ અગાઉ સાથે જીવવા મરવાના કોલ સાથે ભાગી છૂટ્યા હતા. ત્યારબાદ બંને પક્ષોની પંચોએ મળી સમાધાન કરી સમાજના રિવાજ પ્રમાણે લેવડ-દેવડ પૂર્ણ કરી હતી અને યુવાન-યુવતી પોતાનો ઘર સંસાર ચલાવી રહ્યા હતા. જેઓને યુવતીના પિતાએ જે કંપનીમાં પરિવાર સાથે મજૂરી કામ કરે છે. ત્યાં સોમવારના રોજ અમદાવાદના ચાંગોદર ખાતે મળવા બોલાવ્યા હતા. ત્યારે મંગળવાર રાત્રિના યુવાન સાથે અજુકતો બનાવ બન્યો હોવાનું અને યુવાનની લાશ ગળે ફાંસો ખાધેલી શંકાસ્પદ હાલતમાં સસરાના મકાનમાંથી મળી આવતા મૃતક યુવાનને મોતને ઘાટ ઉતારી હત્યાના બનાવને આત્મહત્યામાં ખપાવવા કોશિષ કરવામાં આવી હોવાનો મૃતક યુવાનના પરિવારજનો આક્ષેપ કરી રહ્યા હોવાનું જાણવા મળે છે. હાલ પરિવારજનો અમદાવાદ ખાતે ગયા હોવાનું જાણવા મળે છે. મૃતક યુવાને આત્મહત્યા કરી છે કે તેની હત્યા કરવામાં આવી છે. તે પીએમ રિપોર્ટ બાદ જ સત્યતા બહાર આવશે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના વાઘવડલા ગામના કલ્પેશભાઈ લવજીભાઈ દામા ઉંમર વર્ષ આશરે ૨૨ નાઓ અગાઉ અમદાવાદના ચાંગોદર ખાતે કંપનીમાં મજૂરી કામે ગયેલા હતા. જ્યાં ધાનપુર તાલુકાનો એક પરિવાર ચાંગોદર કંપનીમાં મજૂરી કરવા માટે આવેલ હતો. ત્યાં ધાનપુર તાલુકાના રાધિકાબેન મંગાભાઈ વહોનીયા રહે. નાનીમલુ ગામના નિશાળ ફળિયા તા. ધાનપુર જિ. દાહોદ નાઓ પણ કંપનીમાં મજૂરીકામ કરતી હતી. ત્યારે કલ્પેશ તથા રાધિકાની આંખ મળી જતા પ્રેમના અંકુરો ફૂટ્યા હતા. સમય જતા આ બંને પ્રેમી પંખીડા ઓએ સાથે જીવવા મરવાના કોલ સાથે ગત ત્રણેક માસ અગાઉ ત્યાં ત્યાંથી ભાગી છુટ્યા હતા. ત્યારબાદ વાઘવડલા તથા નાનીમલુ ગામની પંચોએ મળી સમાજમાં ચાલતા રિવાજ મુજબ કરી સમાધાન કર્યું હતું અને હાલમાં જુનાગઢ ખાતે આ કપલ ખેતીવાડીમાં ભાગીયા તરીકે મજુરી કામ કરી પોતાનો ઘર સંસાર ચલાવી રહ્યા હતા. જ્યારે ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ કલ્પેશ તથા રાધિકાને રાધિકાના પિતા મંગાભાઈ વહોનીયાએ જુનાગઢ થી મળવા માટે ચાંગોદર તેઓ જે કંપનીમાં મજૂરી કામ કરતા હતા. ત્યાં બોલાવ્યા હતા જેથી તેઓ ચાંગોદર ખાતે આવ્યા હતા. જ્યારે ગત રાત્રીના કલ્પેશ સાથે કોઈક અઘટીત ઘટના બની અને કલ્પેશની શંકાસ્પદ હાલતમાં લાશ તેના સસરાના મકાન માં ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવતા તેની જાણ ચાંગોદર પોલીસમાં કરવામાં આવી હતી. ચાંગોદર પોલીસે લાશનો કબજો મેળવી પીએમ અર્થે મોકલી આપી હોવાનું જાણવા મળે છે.

હાલ મૃતક કલ્પેશના પરિવારજનો કલ્પેશની હત્યા કરવામાં આવી હોવા બાબતે અને હત્યાના બનાવને આત્મહત્યામાં ખપાવવાની કોશિષ કરવામાં આવી હોવાનો આક્ષેપ કરી રહ્યા છે અને આ હત્યા કલ્પેશની પત્ની રાધિકાબેન, સસરા મંગાભાઈ તથા તેના સાળાએ કરી હોવાનો પણ આક્ષેપ કરી રહ્યા છે. ત્યારે કલ્પેશે આત્મહત્યા કરી છે કે તેની હત્યા થઈ છે ? તે પીએમ રિપોર્ટ બાદજ સત્ય હકીકત પ્રકાશમાં આવશે. પરંતુ દાંપત્ય જીવનમા ડગ માંડે તે પહેલા જ એક આશાસ્પદ જુવાન જોધ યુવાન પુત્રના અકાળે નિપજેલા મોતથી પરિવારજનોમાં હાહાકાર સાથે શોકની કાલીમાં છવાઈ ગઈ હોવાનું જાણવા મળે છે.

# દાહોદ મામા ફડકે હોસ્ટેલના વિદ્યાર્થીઓની ખાવા-પીવાની સમસ્યાનું નિરાકરણ આવ્યું : રસોડું નવી બિલ્ડીંગમાં શરૂ કરાયું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદની આઈટીઆઈ નજીક આવેલી સરકારી મામા ફડકે હોસ્ટેલના વિદ્યાર્થીઓને ખાવા પીવાની તમામ સુવિધાઓની તકલીફો પડતી હોવાના કારણે હોસ્ટેલના બહાર પટાંગણમાં વિદ્યાર્થીઓએ ધરણા પર બેસી વિરોધ નોંધાવ્યો હતો અને આ મામલે સત્વરે સમસ્યાનો ત્વરીત નિકાલ આવે તે માટે દાહોદ જિલ્લા કલેક્ટરને દાહોદની ભારતીય ટ્રાયબલ પાર્ટી દ્વારા આવેદનપત્ર પણ આપવામાં આવ્યું હતું. ત્યારે કલેક્ટર દ્વારા મામા ફડકે હોસ્ટેલના સત્તાધિશોને તાત્કાલિક સમસ્યાનું નિરાકરણ કરવામાં આવે તેવા આદેશો કરવામાં આવતાં માત્ર પાંચ દિવસના સમયગાળા દરમ્યાન વિદ્યાર્થીઓની સમસ્યાઓનું પાંચ દિવસની અંદર નિરાકરણ કરવામાં આવ્યું છે.

મામા ફડકે હોસ્ટેલમાં દાહોદ જિલ્લા તેમજ અન્ય આસપાસના જિલ્લાના આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ વિવિધ શાળાઓમાં તેમજ કોલેજોમાં અભ્યાસ કરે છે અને વિદ્યાર્થીઓ મામા ફડકે હોસ્ટેલમાં રહી રોકાણ કરે છે. ત્યારે ૩૮૦ થી વધુ વિદ્યાર્થીઓને રેહવાની, જમવાની તેમજ વિવિધ સમસ્યાઓનો સામનો કરાતા હોવાના આક્ષેપો મૂકી ૦૭મી સપ્ટેમ્બરના રોજ રાત્રી દરમિયાન હોસ્ટેલમાં રહેતા તમામ વિદ્યાર્થીઓએ હોસ્ટેલની બહાર પટાંગણમાં ધરણા કરી વિરોધ નોંધાયો હતો. વેહલામાં વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી. જોકે, વિરોધ કરતા વિદ્યાર્થીઓની જાણ દાહોદ ભારતીય ટ્રાયબલ પાર્ટીના પ્રમુખ દેવેન્દ્રભાઈ મેડાને મળતા તાબડતોડ મામા ફડકે હોસ્ટલ પહોંચીને વિદ્યાર્થીઓને સમર્થન આપ્યું હતું અને હોસ્ટેલમાં રોકાણ કરતા વિદ્યાર્થીઓની સમસ્યા હલ કરવાની માંગ કરી હતી. જો વિદ્યાર્થીઓની સમસ્યા હલ કરવામાં નહીં આવે તો ઉપલા લેવલે રજૂઆત કરવાની તેમજ ધરના કાર્યક્રમ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. હોસ્ટેલના સંચાલક સરકારી અધિકારી તાબડતોડ મામા ફડકે હોસ્ટેલ પહોંચ્યા હતા અને વિદ્યાર્થીઓના આક્ષેપને વખોડી કાડી જણાવવામાં આવ્યું હતું કે, વિદ્યાર્થીઓને તમામ સુવિધાઓ આપવામાં આવી રહી છે. નવું હોસ્ટેલ બનીને તૈયાર છે અને રસોડાની સમસ્યા બે દિવસોમાં નવા હોસ્ટેલમાં શરૂ કરી દેવામાં આવશે તેવું જણાવાયું હતું. આ મામલે દાહોદ જિલ્લા કલેક્ટરને દાહોદની ભારતીય ટ્રાયબલ પાર્ટી દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને પરિસ્થિતીને ગંભીરતાથી લઈ કલેક્ટર દ્વારા મામા ફડકે હોસ્ટેલના સત્તાધિશોને આદેશો કરતાં હોસ્ટેલના સત્તાધિશો દ્વારા માત્ર પાંચ દિવસની અંદર સમસ્યાનું નિરાકરણ કરી રસોડું નવીન બિલ્ડીંગમાં ચાલુ કરી દેવામાં આવ્યું છે. શુદ્ધ પાણી માટે ચાર આરો સીસ્ટમ ચાલુ કરવમાં આવ્યાં અને બે બાથરૂમ તેમજ એક રૂમમાં બે પંખા નાંખવામાં આવ્યાં છે.

# શિવ મંદિર બાવકા ખાતે તાલુકાની ઘટક-૨ ના આગંણવાડી વર્કર દ્વારા પોતાની પડતર માગણીઓને લઈ ધારાસભ્યને આવેદન પત્ર આપ્યું



દાહોદ,

ગુજરાત આગંણવાડી કર્મચારી સંગઠન દ્વારા ગુજરાતની આગંણવાડી વર્કર તથા તેડાગર બહેનોના પાયાના પશ્રનો અંગે માગણી માટે જાન્યુઆરી ૨૨ થી સતત રજૂઆત કરવામાં આવી હતી. જે મોબાઈલ એપ્લિકેશન દ્વારા કામ કરાવામાં આવે છે, તે કરાવવુ નહી અને વધુમા આગંણવાડી બહેનોએ જણાવતા કહ્યું હતું કે, અમને કાયમી કરો અને પગાર વધારો કરવા જેવી બાબતે લઈને આજે ગરબાડા તાલુકા ના શિવ મંદિર ખાતે ઘટક-૨ની આગંણવાડી બહેનો અને તેડાગર બહેનો દ્વારા ૧૩૩ મતવિસ્તારના ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયાને આવેદન પત્ર આપ્યું હતું. ગરબાડા તાલુકાની ઘટક-૨ આંગણવાડી વર્કર તેમજ તેડાગર બહેનો આવનાર ત્રણ દિવસ માટે હડતાલ પર પણ ઉતરવાની ચીમકી ઉચ્ચારી અને ઉગ્ર માંગ સાથે સૂત્રોચાર સાથે સરકારને માંગણી સ્વીકારવા અપીલ કરી હતી. જેમાં ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયા દ્વાર તેઓની માંગણીઓ પુરી કરવા બાંહેધરી આપવામાં આવી હતી.

# દે.બારીઆ જેલમાં આરોપીએ ગળે ફાંસો ખાઈ આપઘાતના કિસ્સામાં મહિલા પી.એસ.ઓ. સસ્પેન્ડ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના બામરોલી ગામે જંગલ વિસ્તારમાં પ્રેમ સંબંધમાં પોતાની ભાણેજને મોતને ઘાટ ઉતારના આરોપીએ થોડા દિવસો પહેલા દેવગઢ બારીઆની જેલમાં આત્મહત્યા કરી લીધી હતી. ત્યારે આ સંદર્ભે જિલ્લા પોલીસ વડાએ ફરજ પર તૈનાત મહિલા પીએસઓને ફરજ પરની બેદરકારી દાખવી હોવાથી મહિલા પીએસઓને સસ્પેન્ડ કરાતાં દાહોદ જિલ્લા પોલીસ બેડામાં સ્તબ્ધતાં છવાઈ ગઈ હતી.

ગત તા. ૦૭મી સપ્ટેમ્બરના રોજ જેન્તીભાઈ છત્રસિંહ રાઠવા (રહે. વાવ લવારીયા, માળ ફળિયુ, તા. દેવગઢ બારીઆ, જિ.દાહોદ) એ પોતાની ભાણેજ સાથેના પ્રેમ સંબંધમાં યુવતીએ અન્ય યુવક સાથે પ્રેમ સંબંધ રાખતાં જેન્તીભાઈએ પોતાની ભાણેજને બામરોલી ગામના જંગલ વિસ્તારમાં લઈ જઈ છરાથી યુવતીનું ગળું રહેસી નાંખી ધડથી અલગ કરી જંગલ વિસ્તારમાં ફેંકી દઈ નાસી ગયો હતો. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી જેન્તીભાઈને ઝડપી પાડ્યો હતો અને તેના રિમાન્ડ મેળવી દેવગઢ બારીઆની જેલ ખાતે મોકલી આપ્યો હતો. ત્યારે બીજા દિવસે આરોપી જેન્તીએ દેવગઢ બારીઆની જેલમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં સમગ્ર દાહોદ જિલ્લા પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી હતી. પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો હતો અને ફરજ પર તૈનાત મહિલા પીએસઓ દક્ષાબેન નારાણભાઈને ફરજ દરમ્યાન બેદરકારી બદલ દાહોદ જિલ્લા પોલીસ વડાએ મહિલા પીએસઓ દક્ષાબેનને સસ્પેન્ડ કરવામાં આવતાં દાહોદ જિલ્લા પોલીસ વિભાગમાં અનેક ચર્ચાઓ ભારે જોર પકડ્યું હતું.

# ફતેપુરાના સલરા ગામે બીઓબી બેંક શાખામાં તસ્કરોએ કર્યો ચોરીનો પ્રયાસ

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના મોટા સલરા ગામે બેન્ક ઓફ બરોડા શાખામાં તસ્કરોએ ચોરીનો પ્રયાસ કરતાં બેન્કમાં લાગેલ સાયરન વાગી જતાં ચોરી કરવામાં નિષ્ફળ રહેલ ચોરો નાસી ગયાં હતાં.

ગત તા.૧૨મી સપ્ટેમ્બરના રોજ મોટા સલરા ગામે આવેલ બેન્ક ઓફ બરોડાની શાખામાં આગળના ભાગે આવેલ મેઈન શટરને મારેલ તાળાના નકુચાને તોડી તસ્કરોએ બેન્કમાં પ્રવેશ કર્યો હતો અને બેન્કનું લોકર તોડવાની કોશિષ કરતાં બેન્કમાં લાગેલ સાયરન વાગતાં ચોરો નાસી ગયાં હતાં. ઘટનાની જાણ બેન્ક કર્મચારીઓને થતાં બેન્કના કર્મચારીઓ ઘટના સ્થળે દોડી ગયાં હતાં અને સ્થાનીક પોલીસને જાણ કરાતાં પોલીસ પણ બેન્કમાં દોડી આવી હતી. ઘટનાને પગલે ગ્રામજનોમાં ચકચાર મચી જવા પામી હતી.

આ સંબંધે મોટા સલરા ગામે બેન્ક ઓફ બરોડા શાખામાં ફરજ બજાવતાં અને મહીસાગર જિલ્લાના સંતરામપુર નગરમાં રહેતાં દક્ષિતકુમાર બાલુભાઈ રોહીતે ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ તાલુકાના લીલવાઠાકોર ગામે ગરાસીયા ભાવજીભાઈ દિતાભાઈના પશુઓને લમ્પી વાઈરસ (રોગ) અસર જાણવા મળતા લીલવાઠાકોરના જાગૃત નાગરિક અને ઉપસરપંચ મુકેશભાઈ ખાંગુડા એ સ્થળ પર જઈ રૂબરૂ મુલાકાત લીધી અને પશુ દવાખાનાના ડાૅક્ટરને ફોન થી જાણ કરી તાત્કાલીક એમ્બ્યુલન્સ વાન આવી પશુની સારવાર કરવામાં આવી.

# કાળી ડુંગરીની એસ.એન. કડકીયા હાઈસ્કુલમાં હિન્દી દિવસની ઉજવણી



દાહોદ,

તા.૧૪/૯/૨૦૨૨ના બુધવારના રોજ શાળામાં હિન્દી દિવસની ઉજવણી નિમિત્ત ધો.૧૨ ના વિદ્યાર્થી શેલેષભાઈએ હિન્દી દિવસની ઉજવણીની શરૂઆત કેવી રીતે થઈ તેની માહિતી આપતા જણાવ્યું હતું કે, હિન્દી સૌથી વધુ બોલાતી ભાષા છે. રમિલાબેને પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, અંગ્રેજી દવા બનકર આતી હૈ, તો હિન્દી દુઆ બનકર આતી હૈ. અંગ્રેજી આપસ મેં દો દેશો કો તોડતી હૈ, તો હિન્દી આપસમે દિલો કો જોડતી હૈ. તો અસ્મિતાબેને પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે, અંગ્રેજી બોલને વાલો સે ઘમંડ કી બુ આતી હૈ, હિન્દી બોલને વાલો સેં ગર્વ કી ખૂશ્બુ આતી હૈ. શાળા શિક્ષક એચ.બી.પટેલે હિન્દી ભાષાનું મહત્વ સમજાયુ હતું. શાળાની શિક્ષિકા યોગીનાબેને બાળકોને તૈયાર કર્યા હતાં.

# ગરબાડાના ગુલબાર ગામે પ્રા.શાળા માંથી તસ્કરોએ ૩૭ હજારની મત્તાની ચોરી

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગુલબાર ગામે એક પ્રાથમીક શાળાને તસ્કરોએ નિશાન બનાવી શાળામાંથી રૂા. ૩૭,૦૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૧૨મી સપ્ટેમ્બરના રોજ ગુલબાર ગામે આવેલ પ્રાથમીક શાળામાં તસ્કરો હાથફેરો કરી શાળાના દરવાજાના નકુચો તોડી શાળામાં પ્રવેશ કર્યો હતો અને શાળઆમાં મુરી રાખેલ એલ.ઈ.ડી. ટી.વી., સિસ્ટમ, સેટઅપ બોક્ષ, બે નંગ. પંખા વિગેરે મળી કુલ રૂા. ૩૭,૦૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતાં આ સંબંધે શાળામાં ફરજ બજાવતાં અને આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકામાં શીલી પરબડી ફળિયામાં રહેતાં રણજીતસિંહ રમણભાઈ ચૌહાણે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ નગરાળા સાયન્સ કોલેજમાં વિશ્વ હિન્દી દિવસની ઉજવણી



દાહોદ,

દાહોદ જિલ્લાના નગરાળામાં શ્રીમતી ચંદ્રકાન્તાબેન જી. ધાનકા સાયન્સ કોલેજમાં તા.૧૪/૦૯/૨૦૨૨ના રોજ ''વિશ્વ હિન્દી દિવસ''ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના આચાર્ય નિશીથ જે. મોઢિયા, સંપુર્ણ સ્ટાફ અને વિદ્યાર્થીઓએ મળીને ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યું હતું. જેનું સંપુર્ણ આયોજન પ્રોફ. રૈન્સી જૈન અને પ્રોફ. નેહાંશી કાનસરના અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું.

# ગરબાડાના મીનાકયાર બોર્ડર ઉપર થી ઈકો માંથી દારૂ ઝડપ્યો

ગરબાડા,

ગરબાડા તાલુકાના મીનાક્યાર બોર્ડર પર વાહન ચેકિંગ દરમિયાન ઈકો ગાડીમાં ચોરખાનું બનાવી તેમાં દારૂ ભરી જતા મધ્યપ્રદેશના ૨ ને પોલીસે ઝડપી પાડ્યા હતા. ગરબાડા પોલીસે મીનાક્યાર બોર્ડર ઉપર વાહન ચેકિંગમાં હતા. તે દરમિયાન એમ.પી.ના સેજાડાવા ગામ તરફથી એક ઈકો ગાડી ઉભી રખાવી હતી. ગાડીમાં સવાર ડ્રાઈવર સહિત બે જણાંની પૂછપરછ કરતાં સંતોષકારક જવાબ નહી આપતાં ગાડીની તલાસી લીધી હતી. જેમાં પાછળની શીટની નીચે ચોર ખાનું બનાવી તેમાં લઇ જવાતી ૩૨,૨૦૭ રૂપિયાની દારૂની કુલ ૧૫૪ બોટલ મળી આવી હતી. જથ્થો તથા હેરાફેરીમાં ઉપયોગમાં વપરાયેલી ઈકો ગાડી એક લાખની તથા બે મોબાઈલ ૩,૦૦૦ મળી કુલ ૧,૩૫,૨૦૭ રૂપિયાના મુદ્દામાલ મધ્યપ્રદેશના જોબટના સાથે રાજુ નિહાલ અજનાર તથા રાજુ પ્રતાપસિંહ અજનારની ધરપકડ કરી પોલીસે બંને વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# દેવગઢ બારિયા વીજ કંપની દ્વારા નગરમાં આઠ આઠ કલાકની વીજ પ્રવાહનો કાપ મુકતા નગરજનો લાલ ઘૂમ



દે.બારિયા,

દેવગઢબારિયા નગરમાં તારીખ ૧૪ સપ્ટેમ્બરના રોજ નગરમાં વીજ કંપની દ્વારા વીજ પ્રવાહ બંધ રાખવા માટેની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે વીજ કંપની દ્વારા નગરમાં ૬૬ કેવી દેવગઢબારિયા એસએસ (અર્બન) જે સવારે સાત થી સાંજના ત્રણ વાગ્યા સુધીનો વીજ કામ મૂકવામાં આવ્યો હતો. જેમાં આ વીજ પ્રવાહ સાંજે ૪:૦૦ વાગ્યા પછી મોડી સાંજે ચાલુ કરતા આ ભારે બફારા વચ્ચે લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા. જેમાં કેટલાક લોકોએ જનરેટર તો કેટલાક લોકો ઇન્વેટરનો ઉપયોગ કરી ગરમીનો છુટકારો મેળવ્યો હતો. જેમાં કેટલાક ગરીબ પરિવારો આ લાંબા સમયના વીજ કાપ થી જેમાં જાહેર કરેલા સમય કરતા વધુ સમય વીજ પ્રવાહ બંધ રહેતા કેટલાક નગરજનો લાલભૂમ બન્યા હતા અને કેટલાક નગરજનો દ્વારા આ બાબતે ઉચ્ચસ્તરે રજૂઆત પણ કરી હતી. ત્યારે આ વીજ કાપ થી નગરમાં નગરજનોના મુખે એવું ચર્ચા રહ્યું છે કે, વીજ કંપની દ્વારા અગાઉ અનેક મંગળવાર વીજ પ્રવાહનો કાપ મૂકવામાં આવતો હતો. ત્યારે આટલા સમય લાંબા લાંબા સમય માટે આ વીજ પ્રવાહ બંધ રાખવા પાછળ ક્યાંક વીજ કંપનીની અધિકારીઓની પોલ છુપાયેલી હોઈ તેમ જોવાઈ રહ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.22

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ તખતસિંહ સોલંકી કોંગ્રેસ છોડી આપ પાર્ટીમાં જોડાયા

શહેરા, પંચમહાલ જિલ્લા કોંગ્રેસમાં વિધાનસભાની ચૂંટણી પહેલા ભૂકંપ આવ્યો હોય તેમ શહેરા તાલુકાના જુના કાર્યકર અને જિલ્લા ઉપપ્રમુખ તખતસિંહ સોલંકીએ કોંગ્રેસને બાય બાય ટાટા કરી આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. ઉપલા લેવલે સતત થતી અવહેલના ના કારણે હાથનો સાથ છોડ્યો હતો.

વિધાનસભા ચૂંટણીઓના પડઘમ સંભળાઈ રહ્યા છે અને હાલમાં તમામ રાજકીય પક્ષોમાં કાર્યકરોનો પ્રવેશોત્સવ ચાલી રહ્યો છે. જેમાં છેલ્લા કેટલાક સમયથી દિલ્હીની આમ આદમી પાર્ટી ગુજરાતના રાજકારણમાં સક્રિય થતા રોજે રોજ નવીન સમીકરણો રચાઈ રહ્યા છે અને



કેટલાક નારાજ કાર્યકરો આપ અથવા તો ભાજપ પક્ષમાં પ્રવેશ લઈ રહ્યા છે. વાત કરીએ શહેરાની તો શહેરા તાલુકાના તરસંગ ગામના વતની તખતસિંહ રવસિંહ સોલંકી વર્ષ ૧૯૮૨ થી કોંગ્રેસના કાર્યકર તરીકે ફરજ નિભાવતા હતા અને વર્ષ ૨૦૦૨માં તેઓ શહેરા કોંગ્રેસમાં સક્રિય રીતે આવતા કોંગ્રેસ મોવડી મંડળે વર્ષ ૨૦૦૭ અને ૨૦૧૨માં તેઓને વિધાનસભા ની ચૂંટણી લડાવી હતી. જો કે, બંને વખત તેઓને હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારપછી પણ તેઓને કોંગ્રેસ કાર્યકારી સમિતિમાં વિવિધ હોદ્દાઓ આપવામાં આવ્યા હતા પરંતુ ક્યા કારણોસર પણ બુધવારના રોજ તેઓએ આમઆદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિઆની હાજરીમાં રાષ્ટ્રીય મહાસચિવ ઈશુંદાન ગઢવીએ તેઓને આપ પક્ષોનો ખેશ પહેરાવી તેમનો પ્રવેશ કરાવ્યો હતો. અંતરંગ વર્તુળ થકી જાણવા મળ્યા મુજબ કોંગ્રેસ પક્ષમાં ઉપલા લેવલ પર તેઓની સતત થતી અવહેલના આના માટે જવાબદાર છે. તેઓ પક્ષ પલટો કરવા મજબૂર થયા હતા. આમ, પંચમહાલ જિલ્લા ઉપપ્રમુખ તખતસિંહ સોલંકીએ હાથનો સાથ છોડી આપનો સાથ અપનાવતા જિલ્લાનું રાજકારણ ગરમાયુ છે અને સાથે સાથે શહેરાના રાજકારણમાં પણ એક નવો વળાંક આવ્યો છે અને તેની અસર આગામી વિધાનસભાની ચૂંટણીમાં દેખાય તો નવાઈ નહિ !

# અમદાવાદ ગુજરાત યુનિવર્સિટી પાસે બિલ્ડીંગના બાંધકામમાં ઘોઘંબાના પાંચ શ્રમિકોના મોત

ઘોઘંબા, પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકા વાવ કુંડલી તથા સામળકુવા ગામના યુવાનો મજૂરી કામ માટે અમદાવાદ ગયા હતા. જ્યાં તેઓ ગુજરાત યુનિ પાસે આવેલા એસ્પાયર બિલ્ડિંગમાં કામ ચાલી રહ્યું હતું. જેમાં આજે સવારે ૭:૩૦ વાગ્યાના અરસામાં લિફ્ટનું સેન્ટીંગ તૂટતા હોનારત સર્જાઇ હતી. જેમાં ૭ લોકોના મોત નીપજ્યા હતા. મુત્કોમાં શંકરભાઈ નાયક, જગદીશભાઈ નાયક, અશ્વિનભાઈ નાયક, મુકેશભાઈ નાયક તમામ રહે.તા ઘોઘંબા. રાજમલ ખરાડી તથા પંકજ ખરાડી



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

રહે. વીરોલ તા. દે. બારીયા ના વતની હતાં.

લિફ્ટ હોનારત મા વાવકુંડલી ના ત્રણ તથા સામળકુવા ગામનો એક શ્રમજીવી સામેલ છે. એક જ ગામના ત્રણ શ્રમજીવીના મોતથી નાનકડા વાવકુંડલી ગામમાં માતમ છવાયો. પોતાના ઘરનું ગુજરાત ચલાવવા મજૂરીએ ગયેલા મોતની ખબર સાંભળી ગ્રામજનો મુત્કોના ઘરે એકત્રિત થયા હતા. વાહકુડલી માજી. સરપંચ સનાભાઈ બારીયા તથા ગામના આગેવાનો અમદાવાદ જવા માટે રવાના થયા હતા.

હોનારતમાં મૃત્યુ પામેલા મુકેશ નાયકના પરિવાર જનો ભારે વિલાપ કરતા જોવા મળ્યા હતા. એક મહિના પહેલા મંજૂરી કામ માટે ગયેલો મુકેશ એક જ વખત ઘરે આવ્યો હતો. મુકેશના બે દીકરા તથા પત્ની એ હૈયાફાટ રૂદન કરતા વાતાવરણ ગમગીન બન્યું હતું.

# શહેરા નગરમાં ભરચોમાસે પીવાના પાણીની સમસ્યા સર્જાતા નગરજનોનો પાલિકા સત્તાધીશો સામે ભારે આક્રોશ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

પાણીની વિકટ સમસ્યા સર્જાતા નગરપાલિકાના એન્જિનિયર જીગ્નેશભાઈ શાહને આ બાબતે પૂછતા તેઓએ જણાવ્યું હતું કે, છોગાળા ખાતે વારંવાર લાઈટો બંધ થઈ જવાના કારણે પાણીનો સંપ ભરાતો નથી. તેના કારણે જોઈએ એટલું પાણી મળી શકતું નથી. અમારો પ્રયત્ન ચાલુ છે.

શહેરા નગરપાલિકા વિસ્તારમાં નગરજનોને બે દિવસ કે ત્રણ દિવસ એ પહેલા પાલિકા દ્વારા અપાતું પાણી મળતું હતું. હાલમાં ચાર દિવસ કરતા વધુ દિવસો થઈ જવા છતાં પીવાનું પાણી નહીં મળતા ભારે નારાજગી આ સામે નગરજનોની જોવા મળી હતી.

શહેરા, શહેરા નગર પાલિકા વિસ્તારમાં ભરચોમાસે પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. પાણીની બુમો નગરજનો માંથી ઉઠવા સહિત હેડ પંપ ખાતે પાણી ભરવા માટે મહિલાઓ ઉમટી આવી હતી. પાણીની વિકટ સમસ્યાને લઈને મહિલાઓનો આક્રોશ પાલિકાના સત્તાધીશો સામે જોવા મળી રહયો છે.

શહેરા નગરમાં ભરચોમાસે પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. નગરના શાન્તા કુંજ સોસાયટી, ગ્રીન પાર્ક સોસાયટી, હોળી ચકલા, મુસ્લિમ વિસ્તાર સહિત અન્ય વિસ્તારોને પાલિકા દ્વારા આપવામાં આવતું પાણી નિયમિત નહિ મળતા પીવાનું પાણી ભરવા માટે મહિલાઓને આમ તેમ ભટકવાનો વારો આવ્યો હતો. હેન્ડપંપ ખાતે પાણી ભરવા માટે મહિલાઓની પડાપડીના દ્રશ્યો જોવા મળી રહયા હતા. નગરના વિવિધ વિસ્તારમાં પાલિકા દ્વારા અપાતું પાણી નિયમિત નહીં મળવા સાથે જરૂરિયાત મુજબ પીવા માટે અને ઘર વપરાશનું પાણી ના મળતા મહિલાઓનો આક્રોશ પાલિકાના સત્તાધિશો સામે જોવા મળેલ હતો. નગરમાં પાણી સમસ્યા વધતા અમુક નગરજનો મિનરલ વોટરના ઠંડા જગ ૨૦ થી ૨૫ રૂપિયા ખર્ચીને મંગાવા સાથે ઘર વપરાશ માટે પાણીના ટેન્કર પણ ૫૦૦ રૂપિયા ખર્ચીને નાછૂટકે મંગાવી રહયા હતા. ઉનાળામાં પાણીની વિકટ સમસ્યા નગરના વિસ્તારમાં જોવા મળી રહી હતી. તેવી જ પરિસ્થિતિ હાલ ભરચોમાસે જોવા મળવા છતાં નગર ના વિવિધ વિસ્તારોની મુલાકાત લેવાનું પણ પાલિકાના ચીફ ઓફિસર કે પછી સત્તાધીશોએ વિચાર્યું ન હોવાનું નગરજનોમાં ચર્ચાઈ રહયું હતું. પાલિકાના સત્તાધીશો પાણીની સમસ્યા કાયમી હલ કરવા માટે ક્યારે વિચારશે ખરા? કે પછી હોતી હે ચાલતી હે તેમજ ચાલવા દેશે કે શું ? નગર વિસ્તારમાં પીવાના પાણીની વિકટ પરિસ્થિતિ સર્જાય તે પહેલા જિલ્લા કલેકટર દ્વારા આ બાબતે યોગ્ય કાર્યવાહી હાથધરીને નગરજનોને નિયમિત પાણી મળે તે માટે નગરપાલિકાને આદેશ કરે તેવી આશા સ્થાનિક નગરજનો રાખી રહયા છે.

# વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષણ સંસ્થાનનો પ્રશિક્ષણ વર્ગ વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે યોજાયો

ગોધરા, વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષણ સંસ્થાનનો પ્રાંત કક્ષાનો કાર્યકર્તા પ્રશિક્ષણ વર્ગ યોજાયો હતો. આ પ્રશિક્ષણ વર્ગમાં ગુજરાતની કુલ સાત યુનિવર્સિટી સંલગ્ન ૪૩ કોલેજોના કાર્યકર્તાઓએ પ્રશિક્ષણ મેળવ્યું હતું. પ્રશિક્ષણ વર્ગના પ્રથમ ઉદ્દઘાટન સત્રમાં વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષણ પ્રાંત સંયોજક ડો.રાજેશભાઈ વ્યાસ વર્ગની ભૂમિકા રચી હતી. ત્યારબાદ જુદા-જુદા સત્ર દરમિયાન વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષણ સંસ્થાનની ભૂમિકાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યની વિવિધ યુનિવર્સિટી સ્તરે સંયોજક અને સહ ચર્ચાના સંયોજકના નામની જાહેરાત કરવામાં આવી હતી.

# ગોધરા ભાજપ કાર્યાલય કમલમ ખાતે એસ.સી. મોરચાની સંયુક્ત બેઠક યોજવામાં આવી



ગોધરા, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ (એસ.સી.મોરચા) ડો.પ્રદ્યુમન વજાનાં માર્ગદર્શન હેઠળ આગામી કાર્યક્રમોનાં આયોજનના ભાગરૂપે પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાની સંયુક્ત બેઠક ગોધરા શહેરનાં ભાજપ કાર્યાલય કમલમ ખાતે યોજાઇ હતી. આ બેઠકમાં પ્રદેશ મહામંત્રી ગૌતમ ઘડિયા, જિલ્લા પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ બી.જે.પી. (એસ.સી.મોરચા) રાકેશ પરમાર, મંત્રી નિલેશ આચાર્ય, ત્રણ જિલ્લાના એસ.સી.મોરચાના પ્રમુખો નારણભાઈ પરમાર, જીતુભાઈ શ્રીમાળી, દીપક ચાવડા, પંચમહાલ જિલ્લા સામાજીક ન્યાય સમિતિના અધ્યક્ષ મણીબેન પરમાર, પ્રદેશ કારોબારી ચંદ્રકાંત પંડ્યા સહિત અન્ય પદાધિકારીઓ કે.ડી.પરમાર, નટુભાઈ સોલંકી, નાનુભાઈ વણકર, વિજય પીઠાયા, ગાયત્રીબેન ગોહિલ, કિરીટ વણકર, પરસોતમ કટારીયા તેમજ અન્ય હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ૩૬મી નેશનલ ગેમ્સ અંતર્ગત પંચમહાલ જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાશે

ગોધરા, ૩૬મી નેશનલ ગેમ્સના કરાયેલા આયોજનના ભાગરૂપે સેલિબ્રેટિંગ યુનિટી થ્રુ સ્પોર્ટ્સ થીમ હેઠળ જિલ્લા કક્ષાએ નેશનલ ગેમ્સ અંગે હાથ ધરાયેલા જાગૃતિ અભિયાનના ભાગરૂપે પંચમહાલ જિલ્લામાં તા.૧૫ મી સપ્ટેમ્બર,૨૦૨૨ થી જિલ્લાની શાળા, કોલેજોમાં વિવિધ રમતોના આયોજન થકી ૩૬મી નેશનલ ગેમ્સના વ્યાપક પ્રસાર-પ્રચાર અંતર્ગત પંચમહાલ જિલ્લામાં વિવિધ કાર્યક્રમનું આયોજન કરાશે.

પંચમહાલ જિલ્લામાં ૧૫ સપ્ટેમ્બરના રોજ સવારે ૯.૩૦ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ઇન્ડોર હોલ ગોધરા ખાતે પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડની ઉપસ્થિતીમાં જિલ્લા કક્ષાનો કોલેજ/યુનિવર્સિટી ગેમ્સ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

આ સાથે ૧૬ સપ્ટેમ્બરના રોજ સવારે ૯.૩૦ વાગ્યે એમ.એમ ગાંધી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ કાલોલ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખની ઉપસ્થિતિમાં તથા એમ એન્ડ વી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ હાલોલ ખાતે ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારની ઉપસ્થિતીમાં, ૧૭ સપ્ટેમ્બરના રોજ સરકારી વિનયન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ મોરવા હડફ ખાતે રાજય આરોગ્યમંત્રી નિમિષાબેન સુથારના અધ્યક્ષસ્થાને તથા સરકારી કોલેજ જાંબુઘોડા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ મયંકભાઇ દેસાઈની કાર્યક્રમ યોજાશે. જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ખાતે ઉક્ત નેશનલ ગેમ્સ અંગે અવેરનેશ કાર્યક્રમો યોજાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા, તાલુકા અને શાળા કક્ષાએ યોજાનારા ઉપરોક્ત અવેરનેશ કાર્યક્રમો પ્રસંગે તા.૧૫મીએ જિલ્લા કક્ષાએ કબડ્ડી, વોલીબોલ અને રસ્સાખેચ સ્પર્ધાઓ યોજાશે. તદ્દઉપરાંત તા.૧૬ અને ૧૭ મીના દિવસોમાં તાલુકા કક્ષાએ કોલેજોમાં ખોખો-કબડ્ડીની સ્પર્ધા યોજાશે. તેમજ જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં લેગ ક્રિકેટ, મ્યુઝિકલ ચેર, રસ્સાખેચ, એથલેટીક, ચેસ, ખોખો-કબડ્ડી વગેરે જેવી સ્પર્ધાઓ યોજવામાં આવશે.

# સિમલીયા કોલેજમાં હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી





તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, ઘોઘંબા તાલુકામાં આવેલી એસ.પી.પટેલ આર્ટ્સ કોલેજ, સિમલીયાના હિન્દી વિભાગના ઉપક્રમે આજરોજ રાષ્ટ્રભાષા હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પ્રિન્સિપાલ ડો.દિલીપકુમાર અમીને કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન શોભાવ્યું હતું અને શુભકામનાઓ પાઠવી હતી. ડો.જે.બી.પટેલે હિન્દી ભાષાના ઉદ્દભવ અને વિકાસની વાત કરી હતી. ડાં. ડી.વી. ચૌધરીએ ૧૪ સપ્ટેમ્બર ૧૯૪૯ ના રોજ ભારતની બંધારણ સભા દ્વારા હિન્દીને રાષ્ટ્ર ભાષા જાહેર કરવામાં આવી. તે અંગે વિગતવાર માહિતી આપી હતી. કોલેજના કુલ ૨૭ વિદ્યાર્થીઓએ હિન્દી દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો અને હિન્દી ભાષાના જાણીતા સાહિત્યકારો અમીર ખુશરો, કબીર, તુલસી, સુરદાસ, ભારતેન્દુ, રામચંદ્ર શુક્લ, જય શંકર પ્રસાદ, પ્રેમચંદ, મોહન રાકેશ, મંનુભન્ડારી વગેરે સાહિત્યકારો તેમજ તેમની કૃતિઓનો પરિચય આપ્યો હતો અને કવિતાઓનું ગાન કરીને રાષ્ટ્ર ભાષા હિન્દી પ્રત્યે આદર અને પ્રેમ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ કુ.નિલમ જાદવ અને અલ્પેશ બારીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગોધરા તાલુકા પોલીસ દ્વારા ઝડપેલ ૮૯ લાખના વિદેશી દારૂનો જંગલ વિસ્તારમાં નાશ કરાયો



ગોધરા, ગોધરા તાલુકા પોલીસ મથક દ્વારા ઝપ્ત કરવામાં આવેલા રૂ.૮૯ લાખના વિદેશી દારૂ (૪૧,૦૦૦ બોટલો) નો આજ રોજ પંચમહાલ જિલ્લા પ્રશાસન તંત્ર દ્વારા ગોધરા તાલુકા પોલીસ મથકની હદ વિસ્તારમાં આવેલા ભેખડિયા ગામના જંગલ વિસ્તારમાં દારૂનો નાશ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગોધરા તાલુકા પોલીસ મથક દ્વારા પ્રોહિબિશનનાં ગુન્હા હેઠળ વિવિધ જગ્યાએ થી રૂ.૮૯ લાખનો વિદેશી દારૂ (૪૧,૦૦૦ બોટલો) ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યારે આજ રોજ ગોધરા તાલુકા પોલીસ મથકના હદ વિસ્તારમાં આવેલા ભેખડીયા ગામના જંગલમાં આ દારૂનો નાશ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.જેમાં ગોધરા પ્રાંત અધિકારી પ્રવિણસિંહ જૈતાવત, પંચમહાલ જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક સી.સી.ખટાણા તેમજ ગોધરા મામલતદાર ક્ચેરીનો સ્ટાફ, પ્રાંત ઓફીસ સ્ટાફ તથા ગોધરા નગર પાલિકાના સહયોગથી તેમજ શહેરના વિવિધ પોલીસ મથકમાં ફરજ બજાવતા સ્ટાફ દ્વારા ગોધરા તાલુકાના ભેખડીયા ગામના જંગલમાં રૂ.૮૯ લાખના વિદેશી દારૂ (૪૧,૦૦૦ બોટલો) પર સરકારી બુલ્ડોઝર ફેરવી દારૂનો નાશ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

# વિદ્યાર્થીઓ જોગ પંચમહાલ જિલ્લામાં બાળ પ્રતિભાશોધ સ્પર્ધા તથા બાળ નૃત્ય નાટીકા સ્પર્ધા યોજાશે

ગોધરા, રમત, ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ગાંધીનગર તથા જીલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી પંચમહાલના સંયુકત ઉપક્રમે પંચમહાલ જીલ્લાકક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા તથા બાળ નૃત્ય નાટીકા સ્પર્ધા યોજાશે.

જેમાં બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં અ-વિભાગ ૭ થી ૧૦ વર્ષ, બ-વિભાગ ૧૦ વર્ષથી ઉપર ૧૩ વર્ષ સુધી, ખુલ્લો વિભાગ ૭ થી ૧૩ વર્ષ સુધીના તથા નૃત્ય નાટીકા સ્પર્ધામાં ખુલ્લો વિભાગ ૭ થી ૧૩ વર્ષ સુધી''ના સ્પર્ધકો પોતાની શાળાના લેટરપેડ પર એંટ્રી બનાવી અત્રેની જીલ્લા રમતગમત અધિકારીની કચેરી, જિલ્લા સેવા સદન ભાગ-૨, પ્રથમ માળ, રૂમ નં.૩૫, ગોધરા જી.પંચમહાલ ખાતે તા.૨૩/૦૯/૨૦૨૨ સુધી જમા કરવાનું રહેશે. અત્રે જે કલાકારોની એંટ્રી મળેલ હશે તેઓને સ્પર્ધા સ્થળ, તારીખની જાણ કરવામાં આવશે. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી પંચમહાલ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# હાલોલના મોટી ઉભરવાન ગામે થી બોગસ જોલાછાપ તબીબને ઝડપી પાડવામાં આવ્યો



હાલોલ, હાલોલ તાલુકાના મોટી ઉભરવાન ગામે ડીગ્રી વગર દવાખાનું ખોલી એલોપેથીક સારવાર કરતાં જોલા છાપ તબીબને ૧૫,૩૪૩ રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

હાલોલના મોટી ઉભરવાન ગામે કોઈપણ પ્રકારી માન્યતા પ્રાપ્ત ડીગ્રી વગર ગેરકાયદેસર તબીબ પ્રેકટીસ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતાં જોલા છાપ તબીબ રણજીત જીતેન્દ્રનાથ સરકાર (મુળ રહે. ગાજીપુર, બોનાગાઉન, વેસ્ટ બંગાળ)ને ત્યાં પોલીસે શિવરાજપુર પી.એસ.સી.ના મેડીકલ ઓફિસર અને સ્ટાફ સાથે તપાસ કરી હતી. અને માન્યતા પ્રાપ્ત ડીગ્રી વગર એલોપેથીક સારવાર કરતા તબીબ રણજીત સરકારને રૂા.૧૫,૩૪૩/- એલોપેથીક દવાઓ કબ્જે લેવામાં આવી. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે મેડીકલ એકટ ૧૯૬૩ની કલમ ૩૦ મુજબ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# મોરવા હડફ ધારાસભ્ય નિમિષાબેન સુથારે ઝાલદડા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની આકસ્મિક મુલાકાત લીધી

મોરવા(હ), રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ તેમજ આદિજાતિ વિકાસ મંત્રી તેમજ મોરવા હડફ ધારાસભ્ય નિમિષાબેન સુથાર દ્વારા મોરવા હડફ વિધાનસભામાં સમાવિષ્ઠ ઝાલદડા હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરની આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી. નિમિષાબેન સુથારે તેઓની મુલાકાત દરમ્યાન સારવાર મેળવી રહેલા દર્દીઓ સાથે સંવાદ સાધી તેઓના અભિપ્રાયો મેળવ્યા હતા. સાથે જ આરોગ્યકર્મીઓ સાથે સમગ્ર વ્યવસ્થાપન અને સુવિધાઓનો તાગ મેળવીને તેમની જરૂરિયાતો અંગે વિગતવાર ચર્ચા હાથ ધરી હતી.

# ગોધરાની આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિએ માસ્ટર ઓફ આર્ટસના ડિપાર્ટમેન્ટનું ઉદ્દઘાટન કર્યું

ગોધરા, ગોધરા શહેરમાં આવેલ શેઠ પીટી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણની અદયક્ષતામાં ઈતિહાસ વિભાગ દ્વારા M.A. semester-1 ના વિદ્યાર્થીઓનો આવકાર સમારોહ યોજાયો. જેના ઉદ્દઘાટક તરીકે પ્રો. પ્રતાપસિંહ ચૌહાણએ ડિપાર્ટમેન્ટનું ઉદ્દઘાટન કરતા આ વિસ્તારના દરેક વિદ્યાર્થીઓને ઘર આંગણે શિક્ષણ મળે તેમજ વિદ્યાર્થી તેજસ્વી બને તેમજ સંઘર્ષ કરી આગળ વધે એવા આશીર્વચન આપ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના આચાર્ય ડો. એમ. બી. પટેલે મહેમાનોને આવકારી નવીન વિદ્યાર્થીઓને આગળ વધવા શુભેચ્છાઓ પાઠવી હતી. વધુમાં ડિપાર્ટમેન્ટના તમામ વિદ્યાર્થીઓને જરૂરી સુવિધા પૂરી પાડવાની ખાતરી આપી હતી.